Shree Kundkund-Kahan Parmarthik Trust
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**


આત્મધર્મ
[ ૪૪૩ ]
સપ્ટેમ્બર વર્ષઃ- ૩૭
૧૯૮૦ અંકઃ- ૩

ॐ

नमः श्री सीमन्धरजिनाय।

## શુદ્ધાત્મવૈભવવિલાસી પ્રશમપીયૂષપુંજ ધર્મરત્ન ભગવતીમાતા પૂજ્યપાદ

### બહેનશ્રી ચંપાબેનનાં

### કરકમળમાં સાદર સમર્પિત

## 卐 ગુણસ્તુત્યંજલિ-પત્ર 卐



વૈરાગી અંતર્મુખી,
મંથન પારાવાર;
જ્ઞાતાનું તલ સ્પર્શીને,
કર્યો સફળ અવતાર.

સમવસરણ-જિનવર તણો,
દીધો દૃષ્ટ ચિતાર;
ઉરમાં અમૃત સીંચીને,
કર્યો પરમ ઉપકાર.

જ્ઞાનાનંદસ્વભાવમાં, બાળવયે કરી જોર;
પૂર્વારાધિત જ્ઞાનનો, સાંધ્યો મંગલ દોર.

### હે શુદ્ધાત્મસુધાસ્વાદી ભગવતી માતા !

તીર્થપ્રણેતા શ્રી મહાવીર પ્રભુના દિવ્યોપદેશ દ્વારા પ્રાપ્ત તેમ જ તદન્વયી ભગવત્કુંદાચાર્યદેવ વડે સુરક્ષિત પરમ પાવન અધ્યાત્મજ્યોતને પુનઃ પ્રદીપ્ત કરી તેના પુણ્ય પ્રકાશને દેશવિદેશમાં પ્રસારનાર એવા શુદ્ધાત્મતત્ત્વદ્રષ્ટા અધ્યાત્મરુચિયુગપ્રવર્તક પરમકૃપાળુ પૂજ્ય **ગુરુદેવ શ્રી કાનજીસ્વામી**ની શુદ્ધાત્મતત્ત્વસ્પર્શી અમોઘ વાણીના સાતિશય પ્રતાપે

[ અનુસંધાન માટે જુઓ પેજ નં. ૯ ]

વાર્ષિક લવાજમ નવ રૂપિયા
વર્ષ ૩૭
અંક ૩
[ ૪૪૩ ]

વીર સંવત ૨૫૦૬
A. D. 1980 SEPT.




શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની

# પાવનકારી ૬૭ મી જન્મજયંતી પ્રસંગે

'બહેનશ્રીનાં વચનામૃત' માંથી વીણેલાં ૬૭ રત્નો

૧. સમ્યગ્દ્રષ્ટિને એવો નિઃશંક ગુણ હોય છે કે ચૌદ બ્રહ્માંડ ફરી જાય તોય અનુભવમાં શંકા થતી નથી.

૨. આત્મા સર્વોત્કૃષ્ટ છે, આશ્ચર્યકારી છે. જગતમાં તેનાથી ઊંચી વસ્તુ નથી.

૩. 'દ્રવ્ય તો મુક્ત છે, મુક્તિની પર્યાયને આવવું હોય તો આવે' એમ દ્રવ્ય પ્રત્યે આલંબન અને પર્યાય પ્રત્યે ઉપેક્ષાવૃત્તિ થતાં સ્વાભાવિક શુદ્ધ પર્યાય પ્રગટે જ છે.

૪. બધી ચિંતા છોડીને એક આત્માની જ ચિંતા કર. ગમે તેમ કરીને ચૈતન્ય-સ્વરૂપ આત્માને વળગ; તો જ તું સંસારરૂપી મગરના મુખમાંથી છુટી શકીશ.

૫. આ તો પંખીના મેળા જેવું છે. ભેગા થયેલા બધાં છુટાં પડી જશે. આત્મા એક સાશ્વત છે, બીજું બધું અધ્રુવ છે; વિંખાઈ જશે.

---

**આહાહા! બેનની (-બહેનશ્રીની) દશાની શી વાત! પણ એની નમ્રતા ને વિનયની પણ શી વાત! 'અરે! અમે આત્મા બોલતા શીખ્યા હોઈએ તોપણ અહીંથી શીખ્યા છીએ.' -એમ બેન કહે છે. -પૂ. ગુરુદેવ**

**કુંવરીને ખમ્મા ખમ્મા કરતી માતા જ્ઞાનામૃત પાતી,**
**‘ધમ્મો મંગલ મુક્કીંઠમ્’ ના મંગલ પાઠો ભણતી,**
**માતા નિજ કુંવરીને પ્રેમે ધર્મામૃત નિત પાતી....**

૬. ચૈતન્યમાં સંપૂર્ણપણે જો અત્યારે જ ઠરી જવાતું હોય તો બીજું કાંઈ જોઈતું નથી એવી સમ્યગ્દૃષ્ટિની ભાવના હોય છે.

૭. ‘હું શુદ્ધ છું’ એમ સ્વીકારતાં પર્યાયની રચના શુદ્ધ જ થાય છે. જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ.

૮. આત્માએ તો ત્રિકાળ એક જ્ઞાયકપણાનો જ વેષ પરમાર્થે ધારણ કરેલો છે. જ્ઞાયક તત્ત્વને પરમાર્થે કોઈ પર્યાયવેષ નથી.

૯. જગતમાં એવી કોઈ વસ્તુ નથી કે જે ચૈતન્યથી વધી જાય.

૧૦. આત્મારૂપી પરમપવિત્ર તીર્થ છે તેમાં સ્નાન કર. આત્મા પવિત્રતાથી ભરેલો છે, તેની અંદર ઉપયોગ મૂક.

૧૧. પરમ પુરુષ તારી નિકટ હોવાં છતાં તેં જોયા નથી. દૃષ્ટિ બહાર ને બહાર જ છે.

૧૨. ગમે તેટલો કાળ ગયો, ગમે તેટલા વિભાવ થયા. તોપણ પરમ પારિણામિક ભાવ એવો ને એવો અખંડ રહ્યો છે.

૧૩. ગમે તેવા સંયોગમાં આત્મા પોતાની શાંતિ પ્રગટ કરી શકે છે.

૧૪. નિરાલંબન ચાલવું તે વસ્તુનો સ્વભાવ છે. તું કોઈના આશ્રય વિના ચૈતન્યમાં ચાલ્યો જા.

૧૫. ભવ્ય જીવને નિષ્કલંક પરમાત્માનું ધ્યાન કરતાં મોક્ષપદની પ્રાપ્તિ થાય છે.

૧૬. ગુરુની વાણીથી જેનું હૃદય ભેદાઈ ગયું છે અને જેને આત્માની લગની લાગી છે, તેનું ચિત્ત બીજે ક્યાંય ચોંટતું નથી.

૧૭. આ કોઈ મહિમાવંત વસ્તુ તને બતાવીએ છીએ. તું અંદર ઊંડો ઊતરીને જો, અસલી તત્ત્વને ઓળખ.

૧૮. તું આત્મામાં જા તો તારું અથડાવું મટી જશે. જેને આત્મામાં જવું છે તે આત્માનો આધાર લે.

૧૯. શુદ્ધ આત્માનું સ્વરૂપ બતાવવામાં ગુરુનાં અનુભવપૂર્વક નીકળેલાં વચનો રામબાણ જેવાં છે.

**સર્વજ્ઞ જિનેશ્વરની આ વાણી છે, બેન મહાવિદેહમાંથી**
**આવ્યા છે, તેના અનુભવની આ વાણી છે. -પૂ. ગુરુદેવ**

**શાંત વદન નિર્મળ નયનોમાં, આત્મા ઉજ્જવળ જોતી,**
**ધર્મરત્ન થાશે મુજ કુંવરી, ભણકારા અનુભવતી....**

૨૦. કોઈ કોઈનું કાંઈ કરી શકતું નથી. વિભાવ પણ તારા નથી તો બહારના સંયોગ તો ક્યાંથી તારા હોય ?

૨૧. આત્માની જ્ઞાતાધારાને કોઈ રોકી શકતું નથી. ભલે રોગ આવે કે ઉપસર્ગ આવે, આત્મા તો નીરોગ ને નિરુપસર્ગ છે.

૨૨. ભગવાનની આજ્ઞાથી બહાર પગ મૂકીશ તો ડૂબી જઈશ. અનેકાન્તનું જ્ઞાન કર તો તારી સાધના યથાર્થ થશે.

૨૩. શુદ્ધોપયોગી બહાર આવીશ નહિ; શુદ્ધોપયોગ તે જ સંસારથી ઊગરવાનો માર્ગ છે. શુદ્ધોપયોગમાં ન રહી શકે તો પ્રતીત તો યથાર્થ રાખજે જ.

૨૪. અહો ! તે પરમ પુરુષાર્થી મહાજ્ઞાનીઓની દશા કેવી હશે કે અંદર ગયા તે બહાર આવતા જ નથી ! ધન્ય તે દિવસ કે જ્યારે બહાર આવવું જ ન પડે.

૨૫. એક એક દોષને ગોતી ગોતીને ટાળવા નથી પડતા. અંદર નજર ઠેરવે તો ગુણરત્નાકર પ્રગટે અને બધા દોષનો ભૂક્કો બોલી જાય.

૨૬. ભેદજ્ઞાન માટે તીખી રુચિ જ કામ કરે છે. ‘જ્ઞાયક’, ‘જ્ઞાયક’, જ્ઞાયક’, –એની જ રુચિ હોય તો પુરુષાર્થનું વલણ થયા વિના રહે નહિ.

૨૭. હંમેશાં આત્માને ઊર્ધ્વ રાખવો. ખરી જિજ્ઞાસા હોય તેને પ્રયાસ થયા વિના રહેતો નથી.

૨૮. સ્વરૂપની શોધમાં તન્મય થતાં, અનેક જાતની વિકલ્પજાળમાં ફરતો હતો તે આત્માની સન્મુખ થાય છે.

૨૯. સાચું સમજતાં વાર ભલે લાગે પણ ફળ આનંદ અને મુક્તિ છે.

૩૦. એકદમ પુરુષાર્થ કરીને તારા ચૈતન્યસ્વભાવમાં ઊંડો ઊતરી જા. ક્યાંય રોકાઈશ નહિ.

૩૧. જેને આ સમજવાની રુચિ હોય તેને બીજું ન ગમે. ‘કાલ કરીશ. કાલ કરીશ’ એવા વાયદા ન હોય.

**સીમંધર ભગવાનની આ વાણી છે, બેન ત્યાંથી**
**આવ્યા છે ને આ તે વાણી છે. -પૂ. ગુરુદેવ**

**અખંડ આનંદ ધ્રુવપદ તારું, હાલરડાં શુભ ગાતી,**
**સિદ્ધપણાને સાધો કુંવરી, આશીષ મંગલ દેતી....**

૩૨. જેણે ભેદજ્ઞાનની વિશેષતા કરી છે. તેને ગમે તેવા પરિષહમાં આત્મા જ વિશેષ લાગે છે.

૩૩. કરવાનું તો એક જ છે–પરથી એકત્વ તોડવું. પર સાથે તન્મયતા તોડવી તે જ કરવાનું છે.

૩૪. મોટા પુરુષની આજ્ઞા માનવી, તેમનાથી ડરવું એ તો તને તારા અવગુણથી ડરવા જેવું છે; તેમાં તારા ક્રોધ, માન, માયા, લોભ, રાગ–દ્વેષ આદિ અવગુણ દબાય છે.

૩૫. ગુરુ તારા ગુણો ખિલવવાની કળા દેખાડશે. ગુરુ–આજ્ઞાએ રહેવું તે તો પરમ સુખ છે.

૩૬. ચૈતન્યદ્રવ્ય પૂર્ણ નીરોગ છે. પર્યાયમાં રોગ છે. શુદ્ધ ચૈતન્યની ભાવના પર્યાયરોગ ચાલ્યો જાય એવું ઉત્તમ ઔષધ છે.

૩૭. હે શુદ્ધાત્મા ! તું મુક્તસ્વરૂપ છો. તને ઓળખવાથી પાંચ પ્રકારના પરાવર્તનોથી છુટાય છે માટે તું સંપૂર્ણ મુક્તિને દેનાર છો.

૩૮. સમ્યગ્દર્શન થતાં જ જીવ ચૈતન્યમહેલનો માલિક થઈ ગયો.

૩૯. વિભાવોમાં અને પાંચ પરાવર્તનોમાં ક્યાંય વિશ્રાંતિ નથી. ચૈતન્યગૃહ જ ખરું વિશ્રાંતિગૃહ છે.

૪૦. જેને ચૈતન્યઘર મળી ગયું છે, દ્રષ્ટિ પ્રાપ્ત થઈ ગઈ છે, તેને ઉપયોગ બહાર જાય ત્યારે પણ શાંતિ રહે છે.

૪૧. ચૈતન્યની સ્વાનુભૂતિરૂપ ખીલેલા નંદનવનમાં સાધક આત્મા આનંદમય વિહાર કરે છે. બહાર આવતાં ક્યાંય રસ લાગતો નથી.

૪૨. હું આ જ્ઞાયક છું, અનંતી વિભૂતિથી ભરેલું તત્ત્વ છું–એમ અંદરથી ભેદજ્ઞાન કરે તો તેના બળથી નિર્વિકલ્પતા થાય, વિકલ્પો છુટે.

**ભગવાનની કહેલી જે ઓમકારધ્વની છે એમાંથી**
**નીકળેલો આ સાર બેને કહેલ છે. -પૂ. ગુરુદેવ.**

**જ્યોતિષીએ જ્યોતિષ જોયા, આ કુંડલી કોઈ ન્યારી,**
**વિદેહની વિભૂતિ આવી, અદ્‌ભૂત મંગલકારી....**

૪૩. તારો દૃષ્ટિનો દોર ચૈતન્ય ઉપર બાંધી દે. પતંગ આકાશમાં ઉડાડે પણ દોર હાથમાં હોય, તેમ દૃષ્ટિનો દોર ચૈતન્યમાં બાંધી દે, પછી ભલે ઉપયોગ બહાર જતો હોય.

૪૪. જે ક્ષણે વિભાવભાવ વર્તે છે તે જ સમયે જ્ઞાતાધારા વડે સ્વભાવને જુદો જાણી લે.

૪૫. સ્વભાવમાં જ રસ લાગે, બીજું નીરસ લાગે. ત્યારે જ અંતરની સૂક્ષ્મ સંધિ જણાય.

૪૬. અબદ્ધસ્પૃષ્ટ–આદિરૂપ શુદ્ધ આત્માની અનુભૂતિ તે સંપૂર્ણ જિનશાસનની અનુભૂતિ છે. ચૌદ બ્રહ્માંડના ભાવો એમાં આવી ગયા.

૪૭. જ્ઞાનાનંદસાગરનાં તરંગોને ન જોતાં તેના દળ ઉપર દૃષ્ટિ સ્થાપ. તરંગો તો ઊછળ્યા જ કરશે. તું એમને અવલંબે છે શું કામ ?

૪૮. દૃઢ પ્રતીતિ કરી, સૂક્ષ્મ ઉપયોગવાળો થઈ, દ્રવ્યમાં ઊંડો ઊતરી જા, દ્રવ્યના પાતાળમાં જા ત્યાંથી તને શાંતિ ને આનંદ મળશે. ખૂબ ધીરો થઈ દ્રવ્યનું તળિયું લે.

૪૯. તું એક અને કર્મ અનંત; પણ તું એક જ અનંતી શક્તિવાળો બધાંને પહોંચી વળવા બસ છો.

૫૦. જેમ રાજા પોતાના મહેલમાં ઊંડો ઊંડો રહે છે તેમ ચૈતન્યરાજા ઊંડા ઊંડા ચૈતન્યના મહેલમાં જ વસે છે; ત્યાં જા.

૫૧. શ્રવણયોગ હોય તો તત્કાળબોધક ગુરુવાણીમાં અને સ્વાધ્યાયયોગ હોય તો નિત્યબોધક એવા આગમમાં પ્રવર્તન રાખજે.

૫૨. જેમ જંગલમાં સિંહ નિર્ભયપણે વિચરે તેમ તું લોકથી નિરપેક્ષપણે તારા પરાક્રમથી–પુરુષાર્થથી અંદર વિચરજે.

૫૩. લોકોના ભયને ત્યાગી, ઢીલાશ છોડી, પોતે દૃઢ પુરુષાર્થ કરવો. 'લોક શું કહેશે' એમ જોવાથી ચૈતન્યલોકમાં જઈ શકાતું નથી.

**બેનના વચનો છે એ ભગવાનની વાણી છે, તેમના**
**ઘરના વચનો નથી, દિવ્યધ્વનિ છે. -પૂ. ગુરુદેવ**

**આ કુંવરી છે સીમંધરના સ્મરણો ઉર ધરનારી,**
**કહાનગુરુ તીર્થંકર થાશે, નિજ-ધ્રૂનિમાં સૂણનારી....**

૫૪. મુમુક્ષુ જીવ શુભમાં જોડાય, પણ પોતાની શોધકવૃત્તિ વહી ન જાય-પોતાના સત્સ્વરૂપની શોધ ચાલુ રહે તેવી રીતે જોડાય.

૫૫. વસ્તુનો મહિમા બરાબર ખ્યાલમાં આવ્યા પછી તે સંસારથી એટલો બધો થાકી જાય છે કે 'મારે કાંઈ જોઈતું જ નથી, એક નિજ આત્મદ્રવ્ય જ જોઈએ છે.

૫૬. દ્રવ્યદ્રષ્ટિવાળાને અંદરમાં એટલા બધા રસકસવાળું તત્ત્વ દેખાય છે કે તેની દ્રષ્ટિ પર્યાયમાં ચોંટતી નથી.

૫૭. કોઈ ઘણો નબળો માણસ હોય ને એના માથે કોઈ કામનો બોજો મૂકે તો તેને કેટલું આકરું લાગે? એવી રીતે જ્ઞાનીને જ્ઞાનધારા વર્તતી હોવાથી બહારના કાર્યમાં જોડાવું બોજારૂપ લાગે છે.

૫૮. ગમે તેવી કટોકટીમાંથી પોતાના જ્ઞાન-ધ્યાનનો સમય ખેંચીને કાઢી લેવો. આ અમૂલ્ય જીવન ચાલ્યું જાય છે. તેને વ્યર્થ જવા ન દેવું.

૫૯. જ્ઞાયકપરિણતિનો દ્રઢ અભ્યાસ કર. શુભભાવના કતૃત્વમાં પણ આખા લોકનું કર્તાપણું સમાયેલું છે.

૬૦. અંતરાત્મા તો દિવસ ને રાત અંતરંગમાં આત્મા, આત્મા ને આત્મા-એમ કરતાં કરતાં, અંતરાત્મભાવે પરિણમતાં પરિણમતાં પરમાત્મા થઈ જાય છે.

૬૧. અહો! અમોઘ-રામબાણ જેવાં-ગુરુવચનો! જો જીવ તૈયાર હોય તો વિભાવ તૂટી જાય છે, સ્વભાવ પ્રગટ થઈ જાય છે. અવસર ચૂકવા જેવો નથી.

૬૨. લૌકિક સંગ તારો પુરુષાર્થ મંદ પડવાનું કારણ થશે. વિશેષ ગુણીનો સંગ તારા ચૈતન્યતત્ત્વને નિહાળવાની પરિણતિ વિશેષ વધવાનું કારણ થશે.

૬૩. મલિનતા ટકતી નથી અને મલિનતા ગમતી નથી; માટે મલિનતા વસ્તુનો સ્વભાવ હોઈ શકે જ નહિ.

૬૪. સાધક આત્માને ભૂમિકા પ્રમાણે દેવ-ગુરુના મહિમાના, શ્રુતચિંતવનના, અણુવ્રત-મહાવ્રતના ઈત્યાદિ વિકલ્પો હોય છે, પણ તે જ્ઞાયકપરિણતિને બોજારૂપ છે કારણ કે સ્વભાવથી વિરુધ્ધ છે.

**બેનની વાણી આવી છે તે સાર સાર તત્ત્વથી ભરેલી આવી છે,**
**તત્ત્વદ્રષ્ટિ ને અંતર અનુભવથી આવેલ વાણી છે. -પૂ. ગુરુદેવ**

**નિર્મલ-હૃદયી અલ્પભાસિની, મિષ્ટવચન વદનારી,**
**અલિપ્ત રહેશે પરભાવોથી, નિજાનંદ રમનારી....**

૬૫. ઓહો! આ તો ભગવાન આત્મા! સર્વાંગે સહજાનંદની મૂર્તિ! જ્યાંથી જુઓ ત્યાં આનંદ, આનંદ ને આનંદ.

૬૬. આત્મસાક્ષાત્કાર તે જ અપૂર્વ દર્શન છે. અનંત કાળમાં ન થયું હોય એવું, ચૈતન્યતત્ત્વમાં જઈને જે દિવ્ય દર્શન, તે જ અલૌકિક દર્શન છે. સિદ્ધદશા સુધીની સર્વ લબ્ધિ શુદ્ધાત્માનુભૂતિમાં જઈને મળે છે.

૬૭. વિશ્વનું અદ્ભુત તત્ત્વ તુ જ છો. તેની અંદરમાં જતાં તારા અનંત ગુણોનો બગીચો ખીલી ઊઠશે.

[ ગુણસ્તુત્યંજલિ પત્ર............. પેઈજ ૨ થી ચાલુ ]

પોતાની ભુલાયેલી અંતઃચેતનાને પૂર્વસંસ્કારના બળે પુનઃ જાગૃત કરી, ૧૮ વર્ષની બાળાવયમાં અધ્યાત્મસાધનાના અપ્રતિમ પુરુષાર્થથી શુદ્ધાત્મદર્શન તેમ જ તજ્જન્ય અતીન્દ્રિય આનંદાનુભૂતિના સંપાદનથી મંગલમય થયેલાં એવાં હે ભગવતીમાતા પૂજ્ય **બહેનશ્રી ચંપાબેન!** આજે સુવર્ણપુરીમાં આનંદોલ્લાસપૂર્વક ઉજવાતી આપશ્રીની આ **૬૭** મી મંગલ જન્મજયંતીના પાવન પ્રસંગે આપશ્રીનું અત્યંત આદરભક્તિ સહ સ્તુતિબહુમાન કરી અમો સૌ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય-મંદિર ટ્રસ્ટ તથા શ્રી સોનગઢ દિગંબર જૈન મુમુક્ષુમંડળ તેમ જ બહારગામથી આવેલા સર્વ મુમુક્ષુ ભાઈબહેનો-ધન્યતા અનુભવીએ છીએ.

## હે પ્રભાવશાળી પ્રશાંત પ્રતિભા!

જેમની આધ્યાત્મિક પવિત્રતા તેમ જ પ્રશમરસભીની અસાધારણ પ્રતિભાએ પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા થયેલી શાસનપ્રભાવનાના વિશાળ ચોકમાં વૈવિધ્યપૂર્ણ મંગલ સાથિયા પૂર્યા છે એટલે કે જેમણે સ્વાનુભૂતિ સમન્વિત નિર્મળ જાતિસ્મરણજ્ઞાન દ્વારા વિદેહીનાથ તેમ જ વિદેહની દિવ્ય જ્યોત ભારતવર્ષને આપી છે, વીતરાગ દિગંબર જિનબિંબ તેમ જ ગામોગામ થયેલાં જિનાયતનોનાં નિર્માણ તથા પંચકલ્યાણકપુરસ્સર મંગલ પ્રતિષ્ઠા વગેરે અનેકવિધ કાર્યોમાં ઊંડી ગવેષણાપૂર્વક માર્ગદર્શન આપ્યું છે, ઊંડી સૂઝ તેમ જ તળસ્પર્શી અધ્યયન દ્વારા પુરાણપુરુષોના જ્ઞાન-વૈરાગ્ય-પ્રેરણાપ્રદ જીવનપ્રસંગો ચિત્રાંકિત કરાવી વીતરાગતાના આદર્શનો પરિચય આપ્યો છે, પૂજ્ય ગુરુદેવને સમ્મેદશિખર વગેરે

**આ બેનના વચનામૃત છે, અતીન્દ્રિય આનંદના**
**વેદનામાંથી આ વાણી આવી છે. -પૂ. ગુરુદેવ**

**卐 સીમંધરના નંદ પધાર્યા, શી પુણ્યાવલિ જાગી,**
**ઝૂલો ઝૂલો લાડલી મારી, આજે હું બડભાગી.... 卐**

તીર્થધામોની યાત્રાની વિનંતી તેમ જ પ્રેરણા કરી સમગ્ર ભારતના હજારો જિજ્ઞાસુઓને તેમની ભારતવ્યાપી અનુપમ શાસનપ્રભાવનાનો તથા અધ્યાત્મરસઝરતી અમૃતવાણીનો અમૂલ્ય લાભ અપાવ્યો છે, પૂજ્ય ગુરુદેવ સમક્ષ આજીવન–બ્રહ્મચર્ય–પ્રતિજ્ઞા અંગીકાર કરેલ ૬૮ સુશિક્ષિત સાધનસંપન્ન કુલીન કુમારિકા બહેનોને ધર્મના અભ્યાસ અર્થે પોતાની સુધાસ્ત્રાવિણી શીતળ છત્રછાયા અર્પી છે અને અધ્યાત્મતત્ત્વના ગહન રહસ્યને ખોલી આત્માનુભૂતિનો યથાર્થ માર્ગ પ્રકાશનાર એવાં અમોઘ 'વચનામૃત' મંત્રો આપ્યાં છે, –ઇત્યાદિ અનેક પ્રકારે પૂજ્ય ગુરુદેવના મંગલ પ્રભાવનાયોગમાં જેમનો અદ્‌ભુત સહયોગ છે એવાં હે! પ્રશમમૂર્તિ સ્થિતપ્રજ્ઞ પૂજ્યપાદ બહેનશ્રી ચંપાબેન! આપનો સમસ્તમુમુક્ષુસમાજ ઉપર ખરેખર મહાન ઉપકાર છે. તે ઉપકૃતતાની મીઠી ઊર્મિઓથી ઉલ્લસિત અમારાં હૃદય આપના ગુણગાન કરતાં–થનગની ઊઠે છે. આપના જેવી અસાધારણ દિવ્ય વિભૂતિના મંગલ પવિત્ર સમાગમથી અમે સૌ કૃતાર્થતા અનુભવીએ છીએ

## હે તેજસ્વી ધર્મરત્ન!

આપની આંતરિક સહજ દશાનો–આપની અપ્રતિહત નિર્મળ શુદ્ધાત્મશ્રદ્ધા, તજ્જનિત નિર્વિકલ્પ આનંદઝરતી સ્વાનુભૂતિ, પ્રશમરસના આમોદથી મહેકતી પવિત્રતા તથા ધર્મ વિષયક સનાતન સત્યતાની પ્રકાશક અતિ સ્પષ્ટ ભવાંતરસ્મરણસમૃદ્ધિ–ઇત્યાદિ વૈવિધ્યપૂર્ણ અનેક આધ્યાત્મિક વિશેષતાઓથી વિભૂષિત આપની અસાધારણ ગહન પ્રતિભાનો–પરિચય આપતાં પ્રસન્નહૃદયે પૂજ્ય ગુરુદેવ ઘણી વાર પ્રકાશે છે કે, "બહેનોનાં મહાન ભાગ્ય છે કે ચંપાબેન જેવાં 'ધર્મરત્ન' આ કાળે પાક્યાં છે. બેનની તો શી વાત કરું! એમની નિર્મળ દૃષ્ટિ, નિર્વિકલ્પ અનુભૂતિ આ કાળે અજોડ છે. એમની અંદરની સ્થિતિ કોઈ જુદી જ છે..... અસંખ્ય અબજો વર્ષનું તેમને જાતિસ્મરણજ્ઞાન છે. બેન ધ્યાનમાં બેસે છે ત્યારે કેટલીક વાર તે અંદરમાંભૂલી જાય છે કે 'હું મહાવિદેહમાં છું કે ભરતમાં!!' ... બેન તો પોતાની અંદરમાં –આત્માના કામમાં–એવાં મશગૂલ છે કે તેમને બહારની બીજી કાંઈ પડી નથી. પ્રવૃત્તિનો તેમને જરાય રસ નથી. એમની બહારમાં પ્રસિદ્ધિ થાય તે એમને પોતાને જરાય ગમતું નથી. પણ અમને એવો ભાવ આવે છે કે બેન ઘણાં વર્ષ ગુપ્ત રહ્યા, હવે લોકો બેનને ઓળખે..." પૂજ્ય ગુરુદેવશ્રીની મંગળ વાણીમાં જેમનો આવો આધ્યાત્મિક પવિત્ર મહિમા સભા વિષે અનેક વાર પ્રસિદ્ધ થયો છે એવાં હે પ્રભાવશાળી ધર્મરત્ન પૂજ્ય બહેનશ્રી! આજના ભવ્ય પ્રસંગે આપના ગુણાનુવાદ કરતાં અમે અત્યંત આનંદ અનુભવીએ છીએ.

---

**બેનનું પુસ્તક વાંચીને લોકો બહુ ખુશી થાય છે. ખરે ટાણે પુસ્તક બહાર આવી ગયું છે. લોકોના ભાગ્ય છે કે આવું સરળ ને સાદી ભાષામાં છતાં ગંભીર પુસ્તક બહાર આવી ગયું છે. -પૂ. ગુરુદેવ**

**શાંત શીતળ પરમાણુ જગના, આવી વસ્યા તુજ તનમાં,**
**ઉપશમ રસ અવતાર, જ્ઞાન-સાગર ઉછળે અંતરમાં...**

## હે ‘વચનામૃત’ વહેતી વિમલ પ્રજ્ઞા !

શુદ્ધાત્મરંગિત વિમલ અંતઃસાધનાના પવિત્ર વહેણમાંથી વહેલાં આપનાં અધ્યાત્મ–રસભરપૂર તેમ જ સર્વાંગપૂર્ણ ‘વચનામૃત’ ભિન્નભિન્ન કોટિના સર્વ જીવોને જ્ઞાન–વૈરાગ્ય–ઉપશમ–મુમુક્ષુતા–પુરુષાર્થ ઇત્યાદિનાં નિમિત્ત બની સૌનાં હૃદયને અત્યંત પ્રમુદિત કરે છે તથા વિશેષ સુપાત્ર જીવોની પરિણતિમાં ચમત્કારિક પરિવર્તન સર્જે છે. ‘તને ક્યાંય ન ગમે તો આત્મામાં ગમાડ.... ’ ‘જ્ઞાનીને સ્વાનુભૂતિ વખતે કે ઉપયોગ બહાર આવે ત્યારે દ્રષ્ટિ તળ ઉપર કાયમ ટકેલી છે. બહાર એકમેક થયેલો દેખાય ત્યારે પણ તે તો ( દ્રષ્ટિ–અપેક્ષાએ ) ઊંડી ઊંડી ગુફામાંથી બહાર નીકળતો જ નથી. ’ –વગેરે આપનાં અનેક ટૂંકા, મીઠા અને અસાધારણ રહસ્યગંભીર સૂત્રવાક્યો તથા સાધકની એક સાથે અટપટી દશા અને સાધક પરિણતિની અટપટી રીત વગેરે ગહન વિષયોનું અદ્‌ભુત વર્ણન જિજ્ઞાસુઓને માર્ગમાં મૂંઝવતી અનેક આંટીઘૂંટીનો સરળ ઉકેલ કરી તત્ત્વબોધનો ચમત્કારપૂર્ણ પ્રકાશ અર્પે છે. એ રીતે આપનાં દિવ્ય ‘વચનામૃત’ મુમુક્ષુ જીવોને મહાન ઉપકારી થયા છે. ખરેખર ‘વચનામૃત’ મુમુક્ષુસમાજને આપની એક અનોખી દેણગી છે, જે ચિરકાળપર્યંત આ અવની પર આત્માર્થીઓનાં અંતરને ઉજાળ્યા કરશે. અમે આપનું તથા આપના ‘વચનામૃત’ પુસ્તકનું ઉપકારવશતાની ઊંડી લાગણીપૂર્વક અત્યંત બહુમાન કરીએ છીએ.

## અંતમાં-

સ્વાનુભૂતિ તથા વિશિષ્ટ જાતિસ્મરણજ્ઞાનથી વિભૂષિત આપનું દિવ્ય જીવન ખરેખર આ યુગનું એક અસાધારણ આશ્ચર્ય છે. આપના બાહ્ય યોગ અત્યંત પ્રશાંત તેમ જ આંતરિક પવિત્રતાના દ્યોતક છે. આપની મનોહારી ભવ્ય મુદ્રા ‘અંતર સુખરસ ગટાગટી’ ના ઉપશાંત રસથી સદા એવી તરબોળ હોય છે કે જેના દર્શનમાંથી મુમુક્ષુવૃંદ આશ્ચર્યયુક્ત આહ્‌લાદ અનુભવે છે. –આવા અનેક લોકોત્તર પવિત્ર ગુણોથી સુશોભિત એવા હે પૂજ્ય બહેનશ્રી ! આપનો અંતર્બાહ્ય પવિત્ર યોગ પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા થતી અભૂતપૂર્વ ધર્મપ્રભાવનામાં ખરેખર અનુપમ યોગદાન આપે છે, એ અમારે મન અત્યંત આનંદ અને

[ અનુસંધાન માટે જુઓ પેજ ૨૩ ]

**જગતના ભાગ્ય કે આવી સત્ય વાત બહાર આવી.**

**-પૂ. ગુરુદેવ**

**ચિરંજીવો ચિરંજીવો જગદંબા અવતારી,**
**સ્વાનુભૂતિ મતિ-શ્રુત લબ્ધિથી વિશ્વ ઉજાલનહારી;**
**કુંવારીને ખમ્મા ખમ્મા કરતી માતા જ્ઞાનામૃત પાતી.**

# આત્મામાં જરૂર ગમશે

**“હે જીવ! તને ક્યાંય ન ગમતું હોય તો તારો ઉપયોગ પલટાવી નાખ અને આત્મામાં ગમાડ. આત્મામાં ગમે તેવું છે. આત્મામાં આનંદ ભર્યો છે; ત્યાં જરૂર ગમશે. જગતમાં ક્યાંય ગમે તેવું નથી પણ એક આત્મામાં જરૂર ગમે તેવું છે. માટે તું આત્મામાં ગમાડ. ૧.**

[ ‘બહેનશ્રીનાં વચનામૃત’ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી, તા. ૮–૮–૮૦ ]

જરા પ્રેમથી સાંભળવા જેવું છે. બેનના વચનો આનંદના અનુભવમાંથી નીકળેલા છે, તેમાં આ પહેલો બોલ છે. તેમાં શરત છે કે તને ક્યાંય ન ગમતું હોય તો –જો ક્યાંય પણ પર પદાર્થમાં કે પુણ્ય–પાપના ભાવમાં રુચતું હોય તો આત્મા નહીં રુચે –આબરુ કીર્તિ, પૈસા આદિ પણ જો ન ગમતા હોય ને પુણ્ય–પાપ પણ ન ગમતા હોય તો તારો ઉપયોગ પલટ.

અંતર સ્વભાવથી બાહ્ય કોઈ પણ ચીજ ઉપર લક્ષ જશે તો રાગ જ થશે. તેથી ક્યાંય પણ ન ગમે તો ઉપયોગ પલટ. જો ઉપયોગમાં આત્મા પકડમાં ન આવે તો સમજવું કે તે ઉપયોગ સ્થૂળ છે. તેથી જો તારે આત્મા પકડવો હોય તો ઉપયોગને પલટી દે. એક તરફ ભગવાન આત્મા ને એક તરફ આખો લોકાલોક છે. જો પંચપરમેષ્ઠી તરફ પણ રુચિ ને રાગ હશે તો ઉપયોગ પોતાની તરફ નહીં પલટે.

ભગવાન આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ છે, તે તરફ ઉપયોગ ફેરવી નાખ ને આત્માની રુચિ કર. આ કરવાનું છે. છ–ઢાળામાં આવે છે કે લાખ વાતની વાત નિશ્ચય ઉર આણો, છોડી જગ–દ્વન્દ્વ–ફંદ નિજ આતમ ધ્યાવો. આ એક જ કરવાનું છે. લાખ વાતની વાત, કરોડ વાતની વાત આ છે કે હું આત્મા છું ને આ રાગ છે–એવો વિકલ્પ પણ છોડી દે ને આત્માની રુચિ કરીને અંદર પ્રવેશ કર.

---

**શબ્દો ટૂંકા છે પણ ભાવ બહુ ઊંચા છે.**

**-પૂ. ગુરુદેવ**

**આજ મંગલ દ્વાર ખૂલ્યા, મંગલ દ્વાર ખૂલ્યા રે,**
**સ્વાનુભૂતિના સ્વાદ આજ ચાખ્યા, મંગલ દ્વાર ખૂલ્યા રે.**

આ મુદ્દાની રકમની વાત છે. બાકી અનંતવાર અગીયાર અંગ નવ પૂર્વની ધારણા કરી, પણ રુચિ અંતર્મુખ જોઈએ તે ન થઈ. તેથી અહીં કહે છે કે બધેથી રુચિ છોડીને એક આત્મામાં રુચિ લગાવી દે. દયા–દાન ને વ્યવહારરત્નત્રય એ વિકલ્પ પણ છોડી દે, કેમ કે તે અણાત્મા છે, આત્મામાં ઉપયોગ લગાવી દે. આત્મામાં ગમે તેવું છે.

આત્મામાં રુચિ લગાવ, કેમ? –કે આત્મામાં રુચે તેવું છે. અસંખ્ય પ્રદેશે સર્વાંગ આત્મામાં આનંદ ભર્યો પડયો છે તેથી ત્યાં ગમે તેવું છે માટે રુચિ લગાવી દે. ભાષા સાદી છે પણ ભાવ ગંભીર છે. આત્મા સિવાય તને ક્યાંય પણ ન ગમે તો આત્મામાં ગમાડ. કેમ કે આત્મામાં ગમે તેવું છે. પુણ્ય–પાપમાં રુચે તેવું નથી પણ આત્મામાં રુચે તેવું છે.

આત્મામાં રુચિ કર. કેમ કે આત્મામાં રુચે તેવું છે. કેમ રુચે તેવું છે? –કે આત્મામાં આનંદ ભર્યો છે. અતીન્દ્રિય આનંદનો પિંડ પ્રભુ છે, તે કર્મના સંગથી પણ ભિન્ન છે ને પુણ્ય–પાપના ભાવથી પણ અતીન્દ્રિય આનંદનો કંદ પ્રભુ ભિન્ન છે. માટે ત્યાં રુચે તેવું, ગોઠે તેવું છે, ત્યાં જરૂર ગમશે માટે ત્યાં ગમાડ.

અનંતવાર નવમી ગ્રૈવયેક ગયો; શુક્લલેશ્યા વિના નવમી ગ્રૈવયેક જાય નહીં. ચામડા ઉતરડીને ખાર છાંટે તોપણ ક્રોધ ન કરે એવી બાહ્યની ક્ષમા રાખી પણ અંતર આત્મા આનંદકંદ છે તેની રુચિ કરી નથી.

શબ્દની પાછળ ગૂઢતા છે, તને ક્યાંય ન ગમે તો અંતરમાં રુચિ કર. કેમ? –કે ગમે તેવું છે. કેમ? –કે આત્મામાં અનંદ ભર્યો છે તેથી ત્યાં ગમે તેવું છે. પુણ્ય–પાપ તો ઝેર છે, જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય તે ભાવ રાગ છે, ઝેર છે ને ભગવાન આત્મા અમૃતસ્વરૂપ છે. પુણ્ય–પાપના ભાવમાં દુઃખ ભર્યું છે ને આત્મામાં આનંદ ભર્યો છે તેથી પ્રભુ! તને ત્યાં અવશ્ય ગમશે.

જગતમાં ક્યાંય ગમે તેવું નથી. પુણ્ય–પાપમાં ગમે તેવું નથી. પરંતુ એક આત્મામાં અવશ્ય ગમે તેવું છે. દુનિયાની કોઈ ચીજમાં ગમે તેવું નથી. કેમ કે બાહ્ય ચીજ ઉપર, ત્રણ લોકના નાથ ઉપર પણ લક્ષ જાય એટલે રાગ થયા વિના રહેતો નથી ને સ્વદ્રવ્યના આશ્રયે જાય તો રાગ રહિત થાય છે.

[ અનુસંધાન માટે જુઓ પાનું ૧૯ ]

**ભાષા મીઠી છે, સાદી છે પણ ભાવો ઊંડા ને ગંભીર છે.**

**–પૂ. ગુરુદેવ**

**હીરા મોતી રત્નોથી, વધાવું ભગવતી માત,**
**પરમસુભાગ્યે પધારિયા, આજ આનંદ અતિ ઉભરાય રે...**

# ધર્મી તો બધાને સિદ્ધપણે જ દેખે છે

**અમે બધાને સિદ્ધપણે જ દેખીએ છીએ, અમે તો બધાને ચૈતન્ય જ દેખી રહ્યા છીએ. કોઈને અમે રાગ-દ્વેષવાળા દેખતા જ નથી. એ ભલેને પોતાને ગમે તેવા માનતા હોય, પણ જેને ચૈતન્ય-આત્મા ઊઘડયો છે તેને બધું ચૈતન્યમય જ ભાસે છે. ૧૦.**

[ 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી, તા. ૮-૮-૮૦ ]

અમે બધાને સિદ્ધસ્વરૂપે જ દેખીયે છીએ. જેની પર્યાયબુદ્ધિ ગઈ ને આત્મા દૃષ્ટિમાં આવ્યો તેને બધા આત્મા સિદ્ધ સ્વરૂપે જ દેખાય છે. જેને રાગની રુચિ છૂટીને પૂર્ણાનંદનો નાથ દૃષ્ટિમાં ભેટી ગયો તે સર્વને ભગવાન સ્વરૂપે જ દેખે છે. અમે તો બધાને ચૈતન્યસ્વરૂપે જ દેખીએ છીએ. કેમ કે પોતાનો આત્મા ચૈતન્યસ્વરૂપ છે એવું જ્યાં ભાન થયું તો એ દૃષ્ટિએ સર્વ આત્મા ચૈતન્યસ્વરૂપે જ દેખીયે છીએ.

શ્રી જયસેનાચાર્યની ટીકામાં બંધ અધિકાર પછી અને બીજે પણ એમ લીધું છે કે સર્વ જીવો મન-વચન-કાયા રહિત, રાગરહિત છે-એમ સમકિતી ભાવના ભાવે છે. હું સહજ શુદ્ધ જ્ઞાન ને આનંદ છું, નિર્વિકલ્પ છું, શુદ્ધ છું તથા પરિપૂર્ણ ગુણોથી ભરિત -અવસ્થ હું છું ને ત્રણ લોકમાં ત્રણે કાળે શુદ્ધ નિશ્ચયનયથી હું આવો છું ને સર્વ જીવો પણ આવા છે. મને કોઈ અલ્પ દેખાતો નથી-એમ સમ્યગ્દૃષ્ટિ સર્વ જીવોને જુવે છે. સમકિતી એમ દેખે છે કે હું તો શુદ્ધ નિશ્ચયનયથી આવો છું પણ સર્વ જીવો આવા છે.

અહીં કહે છે કે અમે તો સર્વ જીવોને સિદ્ધ સ્વરૂપે જ દેખીએ છીએ. એક સમયની પર્યાયમાં સંસાર છે, વસ્તુમાં સંસાર છે નહીં. અમે તો સર્વને સિદ્ધસ્વરૂપે જ દેખીયે છીએ. અમે તો સર્વને ચૈતન્યસ્વરૂપે જ દેખીયે છીએ, શરીરવાળો કે કર્મવાળો આત્મા

[ અનુસંધાન માટે જુઓ પાનું ૨૬ ]

**દિવ્યધ્વનિનો આ અવાજ છે.**

**-પૂ. ગુરુદેવ**

**ઓગણીસ વર્ષે ઉલ્લસી, આતમ લગન દિનરાત,**
**વાત ગમે નહિ વિશ્વની, પ્રભુ પામ્યે હોય નિરાંત રે...**

# ધર્મીની દ્રષ્ટિ સદાય ધ્રુવ ઉપર

**દ્રવ્યદ્રષ્ટિ પ્રગટી તેને હવે ચૈતન્યના તળ ઉપર જ દ્રષ્ટિ છે. તેમાં પરિણતિ એકમેક થઈ ગઈ છે. ચૈતન્યતળિયામાં જ સહજ દ્રષ્ટિ છે. સ્વાનુભૂતિના કાળે કે બહાર ઉપયોગ હોય ત્યારે પણ તળ ઉપરથી દ્રષ્ટિ છૂટતી નથી, દ્રષ્ટિ બહાર જતી જ નથી. જ્ઞાની ચૈતન્યના પાતાળમાં પહોંચી ગયા છે; ઊંડી ઊંડી ગુફામાં, ઊંડે ઊંડે પહોંચી ગયા છે; સાધનાની સહજ દશા સાધેલી છે. ૧૨.**

[ 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી, તા. ૯-૮-૮૦ ]

આત્માની અનુભૂતિમાંથી નીકળેલી આ વાત છે. અતીન્દ્રિય આનંદના સ્વાદના અનુભવમાંથી નીકળેલી બેનની આ વાણી છે. તેમાં આ ૧૨ મો બોલ છે. કહે છે કે દ્રવ્ય એટલે ત્રિકાળી વસ્તુ, તેની દ્રષ્ટિ પ્રગટી, અનંત અનંત શક્તિના ભંડાર દ્રવ્યની દ્રષ્ટિ જેને પ્રગટી તેને હવે ચૈતન્યના તળ ઉપર જ દ્રષ્ટિ છે. એક સમયની પાછળ પાતાળમાં ચૈતન્યતળ ઉપર જ ધર્મીની દ્રષ્ટિ છે, પર્યાય ઉપર ધર્મીની દ્રષ્ટિ નથી.

ચોથે ગુણસ્થાને સમકિતીની દ્રષ્ટિ ચૈતન્યતળમાં એકમેક થઈ ગઈ એટલે કે સન્મુખ થઈ ગઈ. પર્યાય ને વસ્તુ કાંઈ એકમેક થઈ ન જાય પણ પર સન્મુખ પર્યાય હતી તે હવે વસ્તુની સન્મુખ થઈ ગઈ. ક્ષેત્ર ભલે શરીર પ્રમાણ છે પણ આત્માના ભાવ–ગુણ અનંત અનંત છે. ત્રણ કાળના સમય કરતાં અનંતગુણા ગુણ છે–એવા આત્મામાં ધર્મીની પરિણતિ એકમેક થઈ ગઈ. એકમેક થઈ ગઈ એટલે? સામાન્ય ને વિશેષ ક્યારેય એકમેક થાય નહીં. કેમ કે દ્રવ્ય છે તે ધ્રુવસ્વરૂપ છે ને પર્યાય છે તે ઉત્પાદ–વ્યયસ્વરૂપ છે. ધ્રુવ ક્યારેય ઉત્પાદ–વ્યયમાં આવે નહીં ને ધ્રુવમાં ક્યારેય ઉત્પાદ–વ્યય પ્રવેશે નહીં. તેથી દ્રવ્ય ને પર્યાય એકમેક થાય નહીં પરંતુ દ્રવ્યની સન્મુખ ધર્મીની પરિણતિ થઈ ગઈ.

ધર્મીની ચૈતન્યતળિયામાં જ સહજ દ્રષ્ટિ છે. એકવાર ત્યાં દ્રષ્ટિ ગઈ એટલે ફરી

**આ તો લાખે શાસ્ત્રોનો નિચોડ છે, કેમકે લાખો**
**શાસ્ત્રોન સ્વનો આશ્રય કરાવવો છે. -પૂ. ગુરુદેવ**

**ભાળ્યા નિજ ભગવાનને, ચેતન ઘન અવિકાર,**
**આનંદ સાગર ઉછળ્યા, અહો ભવભ્રમણ નિસ્તાર રે...**

દૃષ્ટિ ત્યાં કરવી પડતી નથી. ચૈતન્ય તળિયામાં સહજ દૃષ્ટિ છે. ધ્યાનના કાળમાં પર્યાય દ્રવ્ય ઉપર ઝૂકી ગઈ ત્યારે પણ દૃષ્ટિ તો ચૈતન્યતળ ઉપર જ છે અને વિકલ્પ કાળે પણ દૃષ્ટિ તો ચૈતન્યતળ ઉપર જ છે, દૃષ્ટિ બહાર જતી જ નથી.

અનુભવના કાળમાં હો કે લડાઈના કાળમાં હો, ધર્મીની દૃષ્ટિ તો ધ્રુવ ઉપરથી છૂટતી નથી. બાહુબલીજી ને ભરતજી બન્ને સમકિતી ને લડાઈમાં ઊભા! –છતાં તે કાળે પણ બન્નેની દૃષ્ટિ તો ધ્રુવ ઉપર જ હતી. ધર્મી લડાઈમાં ઊભા હોય ત્યારે પણ દૃષ્ટિ દ્રવ્ય ઉપરથી છૂટતી નથી. સ્વાનુભૂતિના કાળમાં હો, ધ્યાતા–ધ્યાનનો વિકલ્પ છૂટીને નિર્વિકલ્પ ધ્યાનમાં હો ત્યારે પણ દૃષ્ટિ તો ધ્રુવ ઉપર જ હોય છે અને લડાઈનો વિકલ્પ આવે ત્યારે પણ દૃષ્ટિ તો ધ્રુવ ઉપર જ હોય છે. શ્રેણિક મહારાજાએ હીરો ચૂસ્યો ત્યારે પણ દૃષ્ટિ તો ધ્રુવ ઉપર જ હતી.

સીમંધર ભગવાન પાસે બેન હતા, ત્યાંથી અહીં આવ્યા છે. ત્યાંનું અંદર આવેલું અનુભવમાં, તેમાંથી આ વાત આવી છે. કહે છે કે ચોથે–પાંચમે ગુણસ્થાને પણ નિર્વિકલ્પ ધ્યાન કોઈ કોઈ કાળે હોય છે ત્યારે પણ અને બહાર ઉપયોગ હોય ત્યારે પણ ધર્મીની દૃષ્ટિ ધ્રુવ ઉપર જ હોય છે. દૃષ્ટિ ધ્રુવ ઉપર ગઈ ત્યારથી સદાય ધ્રુવ ઉપર જ રહે છે, ભલેને ઉપયોગ બહાર તરફનો પણ હોય.

જેમ બાથી જુદા પડી ગયેલા નાના બાળકને ગમે તે પૂછો તો મારી બા, મારી બા કહે છે, તેમ ધર્મીને ઉપયોગ બાહરનો હોય કે અંતર સન્મુખ હોય પણ દૃષ્ટિ તો સદાય ધ્રુવ ઉપર જ હોય છે, દૃષ્ટિ બહાર ક્યાંય જતી જ નથી. અરે! દૃષ્ટિ સમ્યગ્દર્શનની પર્યાય ઉપર પણ જતી નથી! દૃષ્ટિ તો સદાય ધ્રુવ ઉપર જ હોય છે.

જ્ઞાની ચૈતન્યપાતાળમાં પહોંચી ગયા છે. ધર્મી જીવ પર્યાયની પાછળ પરમાત્મા બિરાજે છે ત્યાં પહોંચી ગયા છે. ઊંડી ઊંડી ચૈતન્યગુફામાં, ઊંડે ઊંડે ધર્મી પહોંચી ગયા છે. ધર્મીએ તો સાધનાની સહજ દશા સાધેલી છે.

---

**આ બેનના વચનામૃતો ૪૩૨ બોલ છે. એક એક બોલ અમૂલ્ય છે,**
**પણ સમજવા માટેની તૈયારી જોઈએ. -પૂ. ગુરુદેવ**

# ........ તો ચૌદ બ્રહ્માંડને શૂન્ય થવું પડે.

ચૈતન્યને ચૈતન્યમાંથી પરિણમેલી ભાવના એટલે કે રાગ–દ્વેષમાંથી નહિ ઊગેલી ભાવના–એવી યર્થાથ ભાવના હોય તો તે ભાવના ફળ્યે જ છૂટકો. જો ન ફળે તો જગતને–ચૌદ બ્રહ્માંડને શૂન્ય થવું પડે, અગર તો આ દ્રવ્યનો નાશ થઈ જાય. પરંતુ એમ બને જ નહીં. ચૈતન્યના પરિણામની સાથે કુદરત બંધાયેલી છે–એવો જ વસ્તુનો સ્વભાવ છે. આ, અનંતા તીર્થંકરોએ કહેલી વાત છે. ૨૧.

[ ‘બહેનશ્રીનાં વચનામૃત’ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી, તા. ૧૦–૮–૮૦ ]

ચૈતન્ય ભગવાન આત્મા જ્ઞાન ને આનંદનો કંદ પ્રભુ તેમાંથી પરિણમેલી ભાવના, ચૈતન્યસ્વરૂપમાંથી પરિણમેલી નિર્મળ ભાવના, રાગ–દ્વેષ વિનાની ઊગેલી ભાવના, –એવી યથાર્થ ભાવના હોય તો તે ભાવના ફળ્યે જ છૂટકો. ચૈતન્યમાંથી પરિણમેલી ભાવનાનું ફળ પૂરણ થયે જ છૂટકો. જો ફળ ન આવે, ચૈતન્યસ્વરૂપમાંથી પરિણમેલી ભાવના જો ન ફળે તો ચૌદ બ્રહ્માંડ શૂન્ય થવું પડે.

વાસ્તવિક ભાવનાનું જો ફળ ન આવે તો જગતને શૂન્ય થવું પડે. કેમ કે તો દ્રવ્ય જ ન રહે. ચૈતન્યની ભાવનાનું ફળ પૂરણ દ્રવ્ય છે. તેથી જો ભાવના ફળે નહિ તો પૂરણ દ્રવ્ય રહે નહીં તેથી દ્રવ્ય ન રહેતાં જગતને શૂન્ય થવું પડે. કેમ કે જગતના બધા જીવની ભાવનાનું ફળ જો ન આવે તો તે દ્રવ્યનો નાશ થાય તેથી જગતને શૂન્ય થવું પડે.

આ તો બેનના અનુભવમાંથી આવેલી વાણી છે. કહે છે કે નિત્યાનંદના નાથમાંથી ઊગેલી ભાવના જો ન ફળે તો દ્રવ્ય જ ન રહે અને તો જગતને શૂન્ય થવું પડે. ભગવાન આત્માને ઢંઢોળીને જેણે શોધ્યો, રાગ રહિત ભેદજ્ઞાન પ્રગટ કર્યું એ ભાવનાનું ફળ જો ન આવે તો વસ્તુ જ ન રહે.

**શબ્દો થોડા પણ ભાવ ઘણા ઊંચા છે.**

**–પૂ. ગુરુદેવ**

**મતિ-શ્રુત ઉદધિ ઉછળ્યા, તુજ હૃદયે જગમાત,**
**સીમંધર કુંદકુંદની, તમે લાવ્યા અલૌકિક વાત...**

પંચમઆરાના પ્રાણીને પંચમઆરો નડતો નથી. શાસ્ત્રો પંચમઆરાના જીવો માટે છે. ભગવાન આત્માની સત્તાના સ્વીકારપૂર્વક જે ભાવના પ્રગટી તે ભાવનાનું ફળ ન આવે તો દ્રવ્ય રહી શકે નહીં. જગતને શૂન્ય થવું પડે. એ ભાવનાનું એટલું જોર છે કે કેવળજ્ઞાન લીધે જ છૂટકો.

જે દ્રવ્ય છે તેમાંથી ઊગેલી ભાવના છે તે ભાવનાનું ફળ ન આવે, દ્રવ્ય ન ફળે તો દ્રવ્યનો નાશ થઈ જાય. પોતાની ભાવના પોતાને ન ફળે તો દ્રવ્ય ન રહે. જે સત્તા છે તેની ભાવના પ્રગટી ને તે ભાવના પૂરણ ન થાય તો તે સત્તા જ રહી શકે નહીં. આહાહા! આ તો અપ્રતિહત ભાવનાના ફળ છે. જે ભાવના થઈ તેમાં કોઈ વિઘ્ન-બિઘ્ન આવવાના નથી-ભલે ને પંચમઆરો હોય!

શ્રી સમયસારની ૩૮મી ગાથામાં તો અપ્રતિબુદ્ધને ગુરુએ સમજાવ્યો, એ સમજીને તેને સમ્યગ્દર્શન-જ્ઞાન પ્રગટ થયું, એ પંચમઆરાનો પ્રાણી કહે છે કે અમને જે દશા પ્રગટ થઈ તે ચ્યુત થવાની જ નથી. જે સમ્યગ્દર્શન-જ્ઞાન અમને પ્રગટ થયાં તે પડવાના જ નથી-એવું અંદરથી જોર આવે છે.

ચૈતન્યરત્નાકરની જે ભાવના થઈ, પુણ્ય-પાપના ભાવ વિનાની જે ભાવના થઈ તે ચૈતન્યભાવના ફળ્યે જ છૂટકો; કેવળજ્ઞાન થયે જ છૂટકો. જો કેવળજ્ઞાન ન થાય તો તે ભાવના નિષ્ફળ જાય અને તે ભાવના નિષ્ફળ જતાં દ્રવ્ય પણ નિષ્ફળ થાય! માટે એ ભાવના ફળ્યે જ છૂટકો.

અખંડ અવિનાશી ચીજની અંતરભાવના થઈ અને પૂરણ આત્મા પ્રાપ્ત ન થાય એ બને નહીં. ભગવાન આત્મા સચ્ચિદાનંદપ્રભુ અનંતગુણનો દરિયો છે, એ ચીજ પકડવામાં આવે, સમ્યગ્દર્શન-જ્ઞાન થાય અને પૂરણ પર્યાય ન થાય એમ બને જ નહીં. પંચમઆરાનો પ્રાણી અપ્રતિહતની વાતો કરે છે.

જેને આત્માનો રસ ચડયો છે તેને રાગનો રસ નાશ થઈ જાય છે. અહીં કહે છે કે એ ભાવના ન ફળે તો ભાવ ન રહી શકે. કેમ કે ભાવવાનની ભાવના જો પૂરણપણે ન ફળે તો ભાવવાનનો અભાવ થતાં દ્રવ્યના નાશથી જગત જ ન રહી શકે. પાંચમો આરો હોય તોપણ કાંઈ આત્માને નડતો નથી. આત્મામાંથી જાગેલી ભાવના પરમાત્મા થયે જ છૂટકો. પરમાત્મા ન થાય એમ બને જ નહીં.

---

**શબ્દો ભલે થોડા પણ ગંભીરતાનો પાર નહિ.**

**-પૂ. ગુરુદેવ**

**શીઘ્ર શીઘ્ર અવિકલ્પતા, ધ્રુવ ધામે ધરી નેહ,**
**સવિકલ્પે સંભારતા, આ ભરત છે કે વિદેહ રે...**

ચૈતન્યના નિર્મળ પરિણામ થયા તો તે પૂરણ પરમાત્મા થાય જ–એવો વસ્તુનો સ્વભાવ છે. ચૈતન્યના પરિણામ સાથે કુદરત બંધાયેલી છે એટલે કે ચૈતન્યના પરિણામ સાથે દ્રવ્યસ્વભાવ બંધાયેલો જ છે, –કે પૂરણ થાય જ, ન થાય એમ બને નહીં. કોઈ કહે કે અમે સાધના તો બહુ કરીએ છીએ, મહેનત તો બહુ કરીએ છીએ છતાં ફળ તો આવતું નથી. પણ જો સૂક્ષ્મ પરિણતી હોય ને આત્મા ન પકડાય એમ બને જ નહીં.

બેને જે વાત કહી છે તેમાં આ જોરવાળી વાત છે. અંતર સ્વભાવને સ્પર્શેલી ભાવનાનું ફળ આવ્યે જ છૂટકો, ફળ ન આવે તો જગતને શૂન્ય થવું પડે અથવા દ્રવ્યનો નાશ થાય. કેમ કે દ્રવ્યમાંથી પ્રગટેલી ભાવના પૂરણ ન થાય તો દ્રવ્યનો નાશ થાય. અનંતગુણનો પિંડ નિર્વિકલ્પ વસ્તુ તેની રાગ રહિત નિર્વિકલ્પ ભાવના થઈ તેને કેવળજ્ઞાન થશે, થશે ને થશે જ; ન થાય તો દ્રવ્યનો નાશ થાય. પ્રવચનસારની ૯૨ મી ગાથામાં ને સમયસારની ૩૮ મી ગાથામાં પણ પંચમઆરાના શ્રોતાની અપ્રતિહતની આ વાત લીધી છે. કુદરત બંધાયેલી જ છે. સાધકભાવ થાય ને સાધ્ય પૂરણ ન ફળે કે પડી જાય એ વાત છે જ નહીં.

આ અનંત તીર્થંકરોએ કહેલી વાત છે. ચૈતન્યના પરિણામમાં ચૈતન્યની પરિપૂર્ણતા આવે જ–એમ અનંતા તીર્થંકરોએ કહ્યું છે. નિર્મળ નિર્વિકલ્પ દશા હોય ને સાધ્ય પ્રાપ્ત ન થાય એમ ત્રણ કાળમાં બને નહીં. –આ અનંતા તીર્થંકરોએ કહેલી વાત છે.

[ આત્મામાં જરૂર ગમશે........ પાનું ૧૩ થી ચાલુ ]

પરમાત્મસ્વરૂપ સ્વાત્માનો આશ્રય લે તો આનંદ થાય અને એ સિવાય પંચપરમેષ્ઠીનો પણ આશ્રય ને લક્ષ કરવા જાય ત્યાં રાગ ને દુઃખ થયા વિના રહે નહીં. આહાહા! જન્મ–મરણ મટાડવાની આ તો વાત છે. જેને જન્મ–મરણ ન મટે તેણે કંઈ કર્યું નથી. ભવનો નાશ ક્યારે થાય કે જેમાં ભવ ને ભવના ભાવનો અભાવ છે એ આત્માની દ્રષ્ટિ ને રુચિ કરશે તો જરૂર ભવનો અભાવ થશે.

ત્રણ લોકના નાથ સર્વજ્ઞદેવ પરમેશ્વર શ્રી સીમંધરદેવસ્વામી મહાવિદેહમાં બિરાજે છે ત્યાંથી અમે આવ્યા છીએ, બેન પણ ત્યાંથી આવ્યા છે. એ બેન રાત્રે દીકરીઓ વચ્ચે બોલ્યા હતા ને દીકરીઓએ ( –બ્રહ્મચારી બહેનોએ ) લખી લીધું હતું તે આ વાત છે. કહે છે કે એક આત્મામાં અવશ્ય ગમે તેવું છે. માટે તું આત્મામાં રુચિ લગાવ. જાણપણું બહુ કરું–આદિ છોડી દે ને એક આત્મામાં ઉપયોગ લગાવી દે. ❄

**ટૂંકામાં બહુ સરસ ભાવ ભર્યા છે.**

**–પૂ. ગુરુદેવ**

અનુભવભીની સ્પષ્ટ છે તળસ્પર્શી તુજ વાણ,
વચનામૃતના પાનમાં, ડોલ્યું આખુંય હિંદુસ્તાન રે...

# ધર્મીને આત્મા સિવાય ક્યાંય સારું લાગતું નથી

**સમ્યગ્દ્રષ્ટિને, આત્માને છોડીને બહાર ક્યાંય સારું લાગતું નથી, જગતની કોઈ ચીજ સુંદર લાગતી નથી. જેને ચૈતન્યનો મહિમા ને રસ લાગ્યો છે તેને બાહ્ય વિષયોનો રસ તૂટી ગયો છે. કોઈ પદાર્થ સુંદર કે સારા લાગતા નથી. અનાદિના અભ્યાસને લઈને, અસ્થિરતાને લઈને સ્વરૂપમાં અંદર રહી શકાતું નથી એટલે ઉપયોગ બહાર આવે છે પણ રસ વિના-બધું નિઃસાર, ફોતરાં સમાન, રસ-કસ વગરનું હોય એવા ભાવે-બહાર ઊભા છે. ૩૨.**

[ 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી, તા. ૧૧-૮-૮૦ ]

સમ્યગ્દ્રષ્ટિને આત્માને છોડીને બહાર ક્યાંય સારું લાગતું નથી. દુનિયાથી ભિન્ન પડીને પોતાના જ્ઞાનસ્વભાવની દ્રષ્ટિ થઈ છે એવા સમ્યગ્દ્રષ્ટિને આત્માને છોડીને બહાર ક્યાંય સારું લાગતું નથી. આત્મા તરફના ઝૂકાવની મીઠાશ આગળ–બહાર ક્યાંય સારું લાગતું નથી. ચક્રવર્તીનું રાજ્ય હો કે ઇન્દ્રિનું ઇન્દ્રાસન હો, ધર્મીને બહાર ક્યાંય રસ આવતો નથી. અતીન્દ્રિય આનંદનો રસ આવ્યો, અનંતી સંપદાના સ્વામીપણા આગળ સમ્યગ્દ્રષ્ટિને ક્યાંય બહાર સારું લાગતું નથી, પુણ્ય ભાવમાં પણ સારું લાગતું નથી.

જગતની કોઈ વસ્તુ સુંદર નથી લાગતી. સર્વાર્થસિદ્ધના દેવનું પદ પણ સારું લાગતું નથી. રજકણ કે રુદ્ધિ વૈમાનિક દેવની–બધા પુદ્‌ગલના એકસ્વભાવ છે એમ સમ્યગ્દ્રષ્ટિને લાગે છે. જેને ચૈતન્ય ભગવાનના અતીન્દ્રિય આનંદનો રસ લાગ્યો છે તેને બહારના બધા રસ છૂટી ગયા છે. એક મ્યાનમાં બે તલવાર ન રહી શકે. જેને આત્માનો રસ લાગ્યો છે તેને બહારની આખી દુનિયામાં ક્યાંય અધિકતા લાગતી નથી. જેને બહારની મીઠાશ લાગે તેને આત્માની રુચિ–મહિમા આવતો નથી.

જેને ચૈતન્યનો મહિમા ને રસ લાગ્યો તેને બાહ્ય વિષયોનો રસ તૂટી ગયો છે.

---

**અરે ! એકવાર મધ્યસ્થપણે આ વાંચે તો ખરો !**

**-પૂ. ગુરુદેવ**

**અમૃત મીઠી છાંયડી, તારી અતિ સુખકાર,**
**ધર્મરત્ન ગુણમૂર્તિ છો, છો ઉપશમ રસ અવતાર રે...**

ભરત ચક્રવર્તીને છન્નુ હજાર રાણીઓ હતી પણ આનંદના રસ ને રુચિ આગળ ક્યાંય સારું લાગતું નથી. જગતનો કોઈ પદાર્થ સુંદર લાગતો નથી. સમ્યગ્દર્શન ચીજ કોઈ એવી અલૌકિક છે પ્રભુ! કે એ અતીન્દ્રિય આનંદના વેદન આગળ આખી દુનિયા તુચ્છ લાગે છે, સુંદર કે સારા લાગતા નથી.

અનાદિના અભ્યાસને લઈને, અસ્થિરતાને લઈને સમકિતીનો ઉપયોગ બહાર આવે છે પણ ક્યાંય રસ લાગતો નથી. ભરતજી ને બાહુબલીજી બન્ને સમ્યગ્દ્રષ્ટિ છતાં અસ્થિરતાથી બહારમાં લડાઈમાં ઊભા દેખાય છતાં દ્રષ્ટિ તો ધ્રુવ ઉપર જ ચોંટી રહે છે.

એક ભાઈને એવી ટેવ કે ત્રણસો ને સાઈઠે દિવસ ચૂરમું જ ખાય. એનો જુવાન દીકરો મરી ગયો. દીકરાને બાળીને આવ્યા, કહ્યું કે હવે રોટલી બનાવો, ચૂરમું નહીં. સગાઓ કહે કે તમને રોટલી નહીં ફાવે, ચૂરમું વર્ષોથી ખાવ છો માટે ચૂરમું લો. થાળીમાં ચૂરમું ને આંખમાંથી આંસુની ધારા હાલી જાય. ચૂરમું ખાવાનો રસ નથી. તેમ સમકિતીને બહારની કોઈ ચીજમાં રસ નથી, ભલે અસ્થિરતાને લઈને ઉપયોગ બહાર જાય.

સમ્યગ્દ્રષ્ટિને ઉપયોગ બહારમાં જાય છે પણ રસ વિના. દીકરાને બાળીને આવ્યા ને ચૂરમું ખાય, કેવો રસ હોય? –એમ સમકિતીને આત્માના આનંદના ખોરાક આગળ જગતની બીજી ચીજનો રસ ઊડી ગયો છે. પુણ્યનો ભાવ આવે તેનો પણ તેને રસ નથી. શુભ–ભાવ આવે છતાં તેનાથી ભિન્ન અતીન્દ્રિય આનંદના રસ આગળ બધું નિઃસાર લાગે છે.

ભાઈ! શબ્દોનું કામ નથી, પંડિતાઈનું કામ નથી; જ્યાં આત્માનો રસ આવ્યો ત્યાં ચક્રવર્તીના રાજ્ય પણ ફોતરાં સમાન લાગે છે. હાથી આખા કોઠા ખાય ને આખા ને આખા કોઠા પેટમાંથી નીકળે પણ અંદરથી રસ–કસ ચૂસાઈ ગયો હોય છે. એ કોઠા રસકસ વિનાના હોય છે. તેમ આત્માના આનંદના રસ આગળ ભલે બહારમાં વિષયાદિમાં ઊભા દેખાય પણ સમકિતીને તો બધું રસ–કસ વિનાનું લાગે છે. આત્માના અતીન્દ્રિય આનંદના રસ આગળ આખી દુનિયા ફોતરાં સમાન રસ–કસ વિનાની લાગે છે. બહારમાં ઊભા હોય છતાં અંદરમાં તો એ બધું રસ–કસ વિનાનું લાગે છે. આત્માનું ભાન થયું છે તે ગમે તે બાહ્ય સંયોગમાં ઊભા હોય પણ તેને બધુંય રસ–કસ વિનાનું લાગે.

---

**આ તો અમૃતધારાનો વરસાદ છે.**

**-પૂ. ગુરુદેવ**

ઝાઝું શું કહું મા તને, દો દાનેશ્વરી દાન,
શીવપુર સાથે રાખજો, યે પૂરો અંતર અરમાન રે.

# મૂંઝવણમાંથી માર્ગ શોધી કાઢ

**'જેને લાગી છે તેને જ લાગી છે' .... પરંતુ બહુ ખેદ ન કરવો. વસ્તુ પરિણમનશીલ છે, કૂટસ્થ નથી; શુભાશુભ પરિણામ તો થશે. તેને છોડવા જઈશ તો શૂન્ય અથવા શુષ્ક થઈ જઈશ. માટે એકદમ ઉતાવળ ન કરવી. મુમુક્ષુ જીવ ઉલ્લાસનાં કાર્યોમાં પણ જોડાય. સાથે સાથે અંદરથી ઊંડાણમાં ખટક રહ્યા જ કરે, સંતોષ ન થાય. હજુ મારે જે કરવાનું છે તે બાકી રહી જાય છે-એવી ઊંડી ખટક નિરંતર રહ્યા જ કરે છે, તેથી બહારમાં ક્યાંય તેને સંતોષ થતો નથી; અને અંદર જ્ઞાયકવસ્તુ હાથ આવતી નથી, એટલે મૂંઝવણ તો થાય; પણ આડો-અવળો નહીં જતાં મૂંઝવણમાંથી તે માર્ગ શોધી કાઢે છે. ૩૩.**

[ 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી, તા. ૧૧-૮-૮૦ ]

જેને લાગી છે તેને જ લાગી છે....... પરંતુ ખેદ ન કરવો. અતીન્દ્રિય આનંદનો સ્વાદ ન આવે પણ ખેદ ન કરવો. વસ્તુ પરિણમનશીલ છે, કૂટસ્થ નથી. માટે મૂંઝાવું નહીં. ધીરજથી આત્મામાં જવાનો પ્રયોગ કરવો. સમ્યગ્દર્શન પહેલાંની આ વાત છે. સમ્યગ્દર્શન કાંઈ હઠથી ન થાય, એ તો સહજ દશા છે. માટે ઉતાવળ ન કરવી, ધીરજ રાખવી.

આ તો બેનની અંતર અનુભવની વાણી છે. અંતર અનુભવના સ્વાદ લેતાં લેતાં આ વાણી નીકળી ગઈ છે. તે અહીં કહે છે કે પોતામાં શુભાશુભ પરિણામ તો થશે તેને છોડવા જઈશ તો શુષ્ક થઈ જઈશ કે શૂન્ય થઈ જઈશ. અનુભવમાં આવ્યો નથી ને શુભાશુભભાવ છોડવા જશે તો શૂન્ય કે શુષ્ક થઈ જશે. માટે એકદમ ઉતાવળ ન કરવી. ધીમેથી ધીરજથી રાગથી હટવાનો પ્રયત્ન કરવો.

બેનનું પુસ્તક બરાબર ટાણે બહાર પડયું છે ૪૩ વર્ષે!
લોકો વાંચે તો એને ખબર પડે! -પૂ. ગુરુદેવ

**સીમંધર ગણધર સંતના તમે સત્સંગી**
**અમ પામર તારણકાજ પધાર્યા કરુણાંગી.**

મુમુક્ષુ જીવ ઉલ્લાસના કાર્યમાં પણ જોડાય. અરે! સમકિતી સૌધર્મ–ઇન્દ્ર પણ ભગવાન પાસે ઘૂઘરા બાંધીને નાચે! મુમુક્ષુ જીવ કે જેને અંદરની લગની લાગી છે તે બહારમાં ઉલ્લાસના કાર્યોમાં પણ જોડાય, પરંતુ સાથોસાથ અંદરથી ઊંડાણમાં ખટક રહ્યા જ કરે કે અરે! હું આ નહીં; સંતોષ ન થાય.

મુમુક્ષુ અંદર જવાનો પ્રયત્ન કરે; ઉતાવળ પણ ન કરે ને સંતોષાઈ પણ ન જાય. મારે જે કરવાનું છે તે હજુ બાકી રહી જાય છે–એથી ઊંડી ખટક નિરંતર રહ્યા જ કરે. જેમ બાળક તેની બાથી છૂટું પડી જાય ને તેને જે કાંઈ પૂછે તેને મારી બા, મારી બા, એ એક જ જવાબ દે; તેમ સમકિતી બહારમાં પણ જોડાયો દેખાય છતાં જ્ઞાયક, જ્ઞાયક–દ્રષ્ટિમાંથી છૂટતો નથી. મુમુક્ષુને પણ ઉલ્લાસના કાર્યમાં જોડાવા છતાં અંદરમાં નિરંતર ઊંડી ખટક રહ્યા જ કરે કે મારે જે કરવાનું છે તે બાકી રહી જાય છે.

ભગવાન આત્મા સિવાય સમ્યગ્દ્રષ્ટિને કોઈ ચીજમાં સંતોષ થતો નથી. મુમુક્ષુને પણ અંદર જ્ઞાયક વસ્તુ હાથ ન આવી હોવાથી બહાર ક્યાંય સંતોષ થતો નથી. વસ્તુ હાથ ન આવી હોવાથી મૂંઝવણ તો થાય; પણ આડો–અવળો નહીં જતાં મૂંઝવણમાંથી તે માર્ગ શોધી કાઢે છે.

[ અભિનંદન–પત્ર.....પાનું ૧૧ થી ચાલુ ]

ગૌરવની વાત છે. આવી અનેક ધાર્મિક વિવિધતાથી વિભૂષિત આપનું સાધનારત આદર્શ પવિત્ર જીવન અત્યંત અભિનંદનીય તેમ જ અભિવંદનીય છે. તેથી હે ભગવતી જગદમ્બા!

**તુજ જ્ઞાન-ધ્યાનનો રંગ અમ આદર્શ રહો;**
**હો શિવપદ તક તુજ સંગ, માતા હાથ ગ્રહો.**

| | |
|---|---|
| | –એ પુનિત ભાવના સહ શ્રદ્ધાવનત |
| **સોનગઢ,** તા. ૨૭–૭–૮૦, | રામજી માણેકચંદ દોશી–પ્રમુખ, |
| વિ. સં. ૨૦૩૬, શ્રાવણ વદ બીજ, | **શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ તથા** |
| ( ૬૭મી બહેનશ્રી–જન્મજયંતિ ) | **શ્રી સોનગઢ દિગંબર જૈન મુમુક્ષુમંડળ** |

**ભાષા તો સાદી છે પણ અંદર ભાવ ઘણા ઊંડા છે.**
**બેનના અનુભવમાંથી અંદરથી આવેલી વાત છે. આ કોઈ**
**ગોખી રાખેલી-ધારી રાખેલી વાત નથી. -પૂ. ગુરુદેવ**

**તુજ જ્ઞાન ધ્યાનનો રંગ અમ આદર્શ રહો,**
**હો શિવપદ તક તુજ સંગ માતા હાથ ગ્રહો**

# અપૂર્વ પુરુષાર્થ ઉપાડતાં આનંદનું વેદન થાય

**'હું અબદ્ધ છું', 'જ્ઞાયક છું', એ વિકલ્પો પણ દુઃખરૂપ લાગે છે, શાંતિ મળતી નથી, વિકલ્પ માત્રમાં દુઃખ-દુઃખ ભાસે છે, ત્યારે અપૂર્વ પુરુષાર્થ ઉપાડતાં, વસ્તુસ્વભાવમાં લીન થતાં, આત્માર્થી જીવને બધા વિકલ્પો છૂટી જાય છે અને આનંદનું વેદન થાય છે. ૩૭.**

[ 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી, તા. ૧૨–૮–૮૦ ]

આત્માર્થી વિચાર કરે છે કે હું તો અબદ્ધ છું, હું સારી દુનિયાથી તો ભિન્ન ને એક સમયની પર્યાયથી પણ ભિન્ન અબદ્ધ છું, જ્ઞાયક છું–જાણનાર છું–એવો વિકલ્પ પણ દુઃખરૂપ લાગે છે. ધર્મ કોઈ અલૌકિક વાત છે પ્રભુ! આવો વિકલ્પ પણ દુઃખરૂપ છે આહાહા! બીજો વિકલ્પ તો દુઃખરૂપ છે પણ હું અબદ્ધ છું, જ્ઞાયક છું–એવો વિકલ્પ પણ દુઃખરૂપ છે, શાંતિ મળતી નથી.

કરોડપતિ હો પણ તે તો દુઃખી છે જ, અહીં તો કહે છે કે હું અબદ્ધ છું, જ્ઞાયક છું એવો વિકલ્પ પણ દુઃખરૂપ છે, અશાંતિ છે, શાંતિ મળતી નથી. વિકલ્પ માત્રમાં દુઃખ દુઃખ ભાસે છે.

આ તો બેનના વચનો છે. બહુ ટૂંકામાં બોલેલા તે લખી લીધું. અતીન્દ્રિય આનંદના અનુભવમાંથી નીકળેલા શબ્દો છે. બેન તો અલૌકિક છે પણ લોકોને ખ્યાલ ન આવે. એમના આ શબ્દો છે કે શરીરના વિકલ્પ તો ક્યાંય રહ્યા પણ હું અબદ્ધ છું, જ્ઞાયક છું –એવા વિકલ્પ છોડવામાં અપૂર્વ પુરુષાર્થ જોઈએ.

પ્રભુ! હું અબદ્ધ છું, જ્ઞાયક છું–એવા વિકલ્પમાં દુઃખ ભાસે ત્યારે અપૂર્વ પુરુષાર્થ ઉપાડતાં રાગથી ખસીને વિકલ્પથી ખસીને વસ્તુસ્વરૂપમાં લીન થતાં આત્માર્થી

[ અનુસંધાન માટે જુઓ પાનું ૨૮ ]

**હજુ તો લોકો વાંચશે, વિચારશે ત્યારે એની મહત્તાની**
**ખબર પડશે કે આમાં કેટલું ભર્યું છે! -પૂ. ગુરુદેવ**

**દેખે પણ નહિ દેખતા, બોલે છતાં અબોલ,**
**ચાલે પણ નહિ ચાલતા, તત્ત્વસ્થિત અડોલ.**

# તીવ્ર ને કરડો પુરુષાર્થ ઉપાડ

**આત્માને મેળવવાનો જેને દ્રઢ નિશ્ચય થયો છે તેણે પ્રતિકૂળ સંયોગોમાં પણ તીવ્ર ને કરડો પુરુષાર્થ ઉપાડયે જ છૂટકો છે. સદ્‌ગુરુનાં ગંભીર અને મૂળ વસ્તુસ્વરૂપ સમજાય એવા રહસ્યોથી ભરપૂર વાક્યોનું ખરો મુમુક્ષુ ખૂબ ઊંડુ મંથન કરીને મૂળ માર્ગને શોધી કાઢે છે. ૩૮.**

[ 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી, તા. ૧૨–૮–૮૦ ]

પહેલી આ શરત છે કે મારે બીજી કોઈ ચીજ જોઈએ નહીં, મારે એક આત્મા જ જોઈએ એવો દ્રઢ નિશ્ચય હોવો જોઈએ. દુનિયાની કોઈ ચીજ, પૈસા, આબરુ આદિ કાંઈ નહીં પણ એક આત્મા જ મારે જોઈએ એવો દ્રઢ નિશ્ચય હોવો જોઈએ. આવો જેને દ્રઢ નિશ્ચય થયો છે તેણે ગમે તેવા પ્રતિકૂળ સંયોગોમાં પણ તીવ્ર ને કરડો પુરુષાર્થ ઉપાડયે જ છૂટકો છે. પુરુષાર્થ વિના પ્રાપ્તિ નથી. ક્રમબદ્ધ પ્રમાણે જ આત્મા પ્રાપ્ત થશે. પરંતુ ક્રમબદ્ધની જેને શ્રદ્ધા થાય તેની દ્રષ્ટિ દ્રવ્ય ઉપર જાય છે અને ત્યારે જ ક્રમબદ્ધની સાચી શ્રદ્ધા થાય છે. ક્રમબદ્ધનો નિર્ણય કરનારની દ્રષ્ટિ જ્ઞાયક તરફ જ જાય ને ત્યારે ક્રમબદ્ધનો નિર્ણય થાય. અને બીજી વાત એ કે એક દ્રવ્યની પર્યાયને પરની પર્યાય સાથે કાંઈ સંબંધ નથી. એક દ્રવ્ય બીજા દ્રવ્યને સ્પર્શતું નથી. કર્મ આત્માને સ્પર્શતા નથી. આત્મા શરીરને સ્પર્શતો નથી આહાહા!

અનંત દ્રવ્યની વચ્ચે રહેવું છતાં એક દ્રવ્ય બીજા દ્રવ્યને સ્પર્શતું જ નથી–એવી દ્રષ્ટિ થતાં દ્રષ્ટિ દ્રવ્યમાં જ જશે. એ દ્રષ્ટિ પણ તેના જવાના કાળે જ દ્રવ્ય તરફ જશે, ક્રમબદ્ધ જ છે, પરંતુ પુરુષાર્થ કરે ત્યારે ને! ક્રમબદ્ધના નિર્ણયમાં પુરુષાર્થ છે. ક્રમબદ્ધનો નિર્ણય કરનારની દ્રષ્ટિ દ્રવ્ય ઉપર જ જાય.

એક દ્રવ્ય બીજા દ્રવ્યને સ્પર્શે નહીં અને જે દ્રવ્યની જે પર્યાય જે કાળે જે થવાની

**સિદ્ધમાં બેઠા હોય જાણે એવી વાતો કરી છે.**

**-પૂ. ગુરુદેવ**

હોય, તે જ થાય, આઘી–પાછી ન થાય–એવા સદ્‌ગુરુના ગંભીર ને મૂળ વસ્તુસ્વરૂપને સમજાવનારા રહસ્યોથી ભરપૂર વાક્યોનું સાચો મુમુક્ષુ ખૂબ ઊંડું મંથન કરીને મૂળ માર્ગને શોધી કાઢે છે. જ્ઞાનીના ગંભીર વાક્યો સાંભળીને ખરો આત્માર્થી ઊંડું મંથન કરે.

શુભ ભાવથી ધર્મ થાય નહીં તથા અબદ્ધ આદિના વિકલ્પો પણ દુઃખરૂપ છે –એવા જ્ઞાનીના ગંભીર વાક્યો સાંભળીને તે મુમુક્ષુ ઊંડું મંથન કરે છે ને મૂળ માર્ગને શોધી કાઢે છે. મંદિર આદિ બને છે તેનો કર્તા તો આત્મા નથી, પણ બનાવવાનો જે ભાવ છે તે શુભરાગ છે, શુભરાગ છે તે દુઃખ છે. આચાર્યદેવ કડક ભાષામાં બે ઠેકાણે કહ્યું છે કે એ ભાવમાં પુરુષાર્થ કરે છે તે **क्लीब**-નપુંસક છે. કેમ કે આત્મામાં વીર્ય નામનો ગુણ છે, એ વીર્ય ગુણ પોતાના જ્ઞાન, આનંદ, શાંતિ આદિની રચના કરે; તેના બદલે શુભભાવ કરે તે નપુંસક છે. કેમ કે શુભભાવમાં જ્ઞાન, આનંદ, શાંતિ આદિ ધર્મની પ્રજા ઉત્પન્ન થતી નથી માટે એ ભાવ કરે છે તે નપુંસક છે. આત્માની ધર્મપ્રજા પ્રગટ કરે તે વીર્યવાન છે–આવા ગંભીર વાક્યો સાંભળીને ખરો મુમુક્ષુ ખૂબ ખૂબ મંથન કરે. એક આંગળી બીજી આંગળીને અડતી નથી–એવા વાક્યને સાંભળીને ખરો મુમુક્ષુ ઊંડું મંથન કરે. અજ્ઞાનીની દ્રષ્ટિ સંયોગ ઉપર છે તેથી તેને એમ લાગે કે અગ્નિ આવી માટે પાણી ગરમ થયું. જ્ઞાની એમ જાણે છે કે પાણીના પરમાણુની સ્પર્શગુણની પર્યાય શીતળમાંથી ઉષ્ણરૂપે પરિણમી તે તેના સ્વકાળે તેના પોતાથી ઉષ્ણરૂપે પરિણમી છે. અગ્નિ નિમિત્ત ભલે હો, પણ નિમિત્તથી કાંઈ થતું જ નથી. એક દ્રવ્ય બીજા દ્રવ્યને સ્પર્શતું જ નથી. વીંછી શરીરને ડંખ મારતો જ નથી. વીંછી ભિન્ન છે ને શરીરમાં જે બળતરા થઈ તે ભિન્ન છે. વીંછી વીંછીમાં રહ્યો ને શરીર શરીરમાં રહ્યું.

જ્ઞાનીના આવા રહસ્યભરપૂર વાકયો સાંભળીને ખરો મુમુક્ષુ ઊંડું મંથન કરીને મૂળ માર્ગ શોધી કાઢે છે.

* * *

[ પાનું ૧૪ નું અનુસંધાન માટે જુઓ પાનું–૨૮ ]

ત્રણ લોકના નાથે કહ્યું છે તે આ બધું ભાષામાં આવેલ છે. -પૂ. ગુરુદેવ

બાળાવયથી પ્રૌઢતા, વૈરાગી ગુણવંત,
મેરુ સમ પુરુષાર્થથી દેખ્યો ભવનો અંત.

# * અંતરના તળિયાં તપાસીને આત્માને ઓળખ *

**અંતરના તળિયાં તપાસીને આત્માને ઓળખ. શુભપરિણામ, ધારણા વગેરેનો થોડો પુરુષાર્થ કરી 'મેં ઘણું જ કર્યું છે' એમ માની, જીવ આગળ વધવાને બદલે અટકી જાય છે. અજ્ઞાનીને જરાક કાંઈક આવડે, ધારણાથી યાદ રહે, ત્યાં તેને અભિમાન થઈ જાય છે; કારણકે વસ્તુના અગાધ સ્વરૂપનો તેને ખ્યાલ જ નથી; તેથી તે બુદ્ધિના ઉઘાડ આદિમાં સંતોષાઈ, અટકી જાય છે. જ્ઞાનીને પૂર્ણતાનું લક્ષ હોવાથી તે અંશમાં અટકતો નથી. પૂર્ણ પર્યાય પ્રગટ થાય તોપણ સ્વભાવ હતો તે પ્રગટયો તેમાં નવીન શું ? તેથી જ્ઞાનીને અભિમાન થતું નથી. ૪૫.**

[ 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી, તા. ૧૨-૮-૮૦ ]

અંતરના તળિયાં તપાસીને આત્માને ઓળખ. વર્તમાન પર્યાયનું લક્ષ છોડીને પર્યાયની પાછળ જે ધ્રુવતળ છે તેને તપાસીને ઓળખ. આહાહા! ભગવાન આત્મા વીતરાગ મૂર્તિ ત્રિકાળ અખંડ, ત્રિકાળ એક-દ્રવ્ય ને પર્યાય બે થઈને એક એમ પણ નહીં-ત્રિકાળ ધ્રુવ વસ્તુ કે જે પર્યાય વિનાની છે તેને ઓળખ.

અંતરનું તળિયું અતીન્દ્રિય સહજાનંદપ્રભુ તેને તપાસીને ઓળખ. શુભ પરિણામ, ધારણા આદિનો થોડો પુરુષાર્થ કરીને 'મેં ઘણું જ કર્યું છે' એમ માનીને જીવ આગળ વધવાને બદલે અટકી જાય છે. સ્ત્રી, પુત્ર, પૈસા, દુકાન, ધંધો મેં છોડયા-એમ માનીને અટકી ગયો. પરદ્રવ્યને ગ્રહણ જ કર્યું ન હતું તો છોડે શું? એ તો મિથ્યાત્વ છે. અજ્ઞાનીને થોડું વાંચીને યાદ રહી જાય, જરાક કાંઈક આવડે ત્યાં તેને અભિમાન થઈ જાય છે.

અજ્ઞાનીને ધારણાથી કાંઈક યાદ રહી જાય ત્યાં અભિમાન થઈ જાય, કેમ કે અગાધસ્વરૂપ મહાપ્રભુ દ્રષ્ટિમાં આવ્યો નથી તેથી ધારણાદિમાં અજ્ઞાનીને અભિમાન થઈ જાય છે. શિવભૂતિ મુનિને मा तुष-मा रूप એટલા શબ્દો પણ યાદ નહોતા રહેતા ને

થોડા શબ્દોમાં ઘણું આવ્યું છે.
-પૂ. ગુરુદેવ

**રિદ્ધિસિદ્ધિ નિધાન છે, ગંભીર ચિત્ત ઉદાર,**
**ભવ્યો પર આ કાળમાં, અદ્‌ભુત તુજ ઉપકાર.**

અંતરમાં આનંદનો અનુભવ હતો. અજ્ઞાનીને વસ્તુના અગાધસ્વરૂપનો ખ્યાલ નથી તેથી થોડી ધારણા આદિ થતાં તેમાં અભિમાન થઈ જાય છે.

અજ્ઞાની બુદ્ધિના વિકાસ આદિમાં સંતોષાઈ જાય છે. જ્ઞાનીને પૂર્ણતાનું લક્ષ હોવાથી અંશમાં અટકતો નથી. અરે! પૂર્ણ પર્યાય પ્રગટ થાય તોપણ સ્વભાવ હતો તે પ્રગટ થયો તેમાં નવું શું? તેથી જ્ઞાનીને અભિમાન થતું નથી. * * *

[ ધર્મી તો બધાને સિદ્ધપણે જ દેખે છે........ પાનું ૧૪ થી ચાલુ ]

દેખતા નથી. અમે તો બધાને ચૈતન્ય જ દેખીયે છીએ. અમે કોઈને રાગદ્વેષવાળા દેખતા નથી. દ્રવ્યસ્વભાવમાં રાગાદિ નથી, દ્રવ્યસ્વભાવ તો પરિપૂર્ણ પ્રભુ છે. તે જીવ પોતાને ભલે ગમે તે માનતો હોય પણ જેને અંદર ચૈતન્યપ્રકાશ થયો છે, વિકલ્પથી ભિન્ન થઈને નિર્વિકલ્પ થયો તે સર્વને ચૈતન્ય જ દેખે છે.

શ્રી સમયસારમાં તો ત્યાં સુધી કહ્યું કે હું જ્ઞાયક છું, શુદ્ધ છું–એવો વિકલ્પ રાગ છે, તે રાગને છોડી દે, જ્ઞાયકમાં વિકલ્પ છે નહીં. અહીં કહે છે કે જેને ચૈતન્યસ્વરૂપ અનુભવમાં આવ્યો તે સર્વને ચૈતન્યસ્વરૂપ દેખે છે, તે ભગવાન છે, પરમાત્મા છે, પરમેશ્વર છે. પર્યાયમાં ભૂલ છે તેનું તે જાણે, તે તેને નુકશાન છે; અમે તો બધાને સિદ્ધપણે જ દેખીએ છીએ.

..........................

[ અપૂર્વ પુરુષાર્થ ઉપાડતાં........ પાનું ૨૪ થી ચાલુ ]

જીવને બધા વિકલ્પો છૂટી જાય છે. પરંતુ શરત આ છે કે આત્માર્થી હોવો જોઈએ મારે આત્મા સિવાય કાંઈ જોઈએ નહીં એવો આત્માર્થ જેને છે એવા આત્માર્થી જીવને વસ્તુ–સ્વભાવમાં લીન થતાં બધા વિકલ્પો છૂટી જાય છે.

અંદરમાં શરીરથી, રાગથી જુદો ને એક સમયની પર્યાય જેટલો નહીં એવો ચૈતન્યપ્રભુ અંદર બિરાજે છે, તેની પાસે જાને પ્રભુ! તેની પાસે જતાં બધા વિકલ્પો છૂટી જાય છે ને આનંદનું વેદન આવે છે. વિકલ્પો છૂટી જતાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે છે.

હું પવિત્ર છું, અખંડ છું, ઇત્યાદિ વિકલ્પ ઉઠાવવો એ પણ દુઃખ છે. આકરું લાગે પણ પ્રભુ! આ તો બેનના વચનો છે. એ અતીન્દ્રિય આનંદમાં રહે છે. કહે છે કે હું શુદ્ધ છું, બુદ્ધ છું–એ વિકલ્પો દુઃખરૂપ છે ને જડ છે, કેમ કે તેમાં ચૈતન્યનો અંશ નથી. ચૈતન્ય તરફ ઝૂકવાથી સુખ થશે, આનંદનું વેદન થશે. ❈ ❈ ❈

**એકવાર વેદાંતી વાંચે-મધ્યસ્થપણે તો થઈ જાય કે માળું...!!!**

**-પૂ. ગુરુદેવ**

સીમંધર દરબારના બ્રહ્મચારી ભડવીર,
ભરતે ભાળ્યા ભાગ્યથી, અતિશય ગુણ ગંભીર.

# આત્મસ્વભાવ કદી રાગરૂપે ન થાય

**જેમ સ્વભાવે નિર્મળ એવા સ્ફટિકમાં લાલ-કાળા ફૂલના સંયોગે રંગ દેખાય તોપણ ખરેખર સ્ફટિક રંગાઈ ગયો નથી, તેમ સ્વભાવે નિર્મળ એવા આત્મામાં ક્રોધ-માન આદિ દેખાય તોપણ ખરેખર આત્મદ્રવ્ય તેનાથી ભિન્ન છે. વસ્તુસ્વભાવમાં મલિનતા નથી. પરમાણુ પલટીને વર્ણ-ગંધ-રસ-સ્પર્શ વિનાનો ન થાય તેમ વસ્તુસ્વભાવ બદલાતો નથી. આ તો પરથી એકત્વ તોડવાની વાત છે. અંદર વાસ્તવિક પ્રવેશ કર તો છૂટું પડે. ૮૧.**

[ 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી, તા. ૧૪-૮-૮૦ ]

જેમ સ્વભાવથી નિર્મળ સ્ફટિકમાં લાલ-કાળા ફૂલના સંયોગે રંગ દેખાય છે. પરંતુ એ સ્ફટિકની પર્યાયની યોગ્યતા છે કે લાલ-કાળા રંગે દેખાય છે. લાલ-કાળા ફૂલના સંયોગમાં પર્યાયની યોગ્યતાથી પર્યાયમાં લાલ-કાળી ઝાંય દેખાય છે તોપણ સ્ફટિકની અંદર લાલ-કાળાશ નથી, સ્ફટિક રંગાઈ ગયો નથી પણ સ્ફટિકની નિર્મળ પર્યાયની યોગ્યતાને લઈને પર્યાયમાં લાલ-કાળી ઝાંય દેખાય છે અને તોપણ સ્ફટિક પોતે લાલ-કાળા રંગે રંગાઈ ગયો નથી.

તેમ સ્વભાવે નિર્મળ એવા આત્મામાં રાગ-દ્વેષ, પુણ્ય-પાપ આદિ વિકલ્પની જાળ દેખાય પણ એ તો પર્યાયમાં છે, વસ્તુમાં એ વિકારીભાવો નથી. આત્મા વીતરાગસ્વરૂપ છે તેથી સમ્યગ્દર્શન થતાં વીતરાગભાવનો એક અંશ આવે છે. અરે! અજોગનો અંશ પણ ચોથે ગુણસ્થાને પ્રગટે છે કે જે અજોગ ચૌદમે ગુણસ્થાને પૂરણ હોય છે. કેમ કે સર્વગુણાંશ તે સમકિત છે. અનંત ગુણો અંશે પ્રગટે તે સમકિત છે. પ્રભુની સન્મુખ જતાં

**ભગવાન જે ફરમાવે છે તે બેનના આ વચન છે.**

**-પૂ. ગુરુદેવ**

**વૈરાગી અંતર્મુખી, મંથન પારાવાર;**
**જ્ઞાતાનું તલસ્પર્શીને. કર્યો સફળ અવતાર.**

ને પર્યાય ને રાગની વિમુખ જતાં અનંતા અનંતા ગુણોનો અંશ પર્યાયમાં પ્રગટ વ્યક્તપણે અનુભવમાં ચોથે ગુણસ્થાને આવે છે.

સ્ફટિકની પર્યાયમાં લાલ-પીળી ઝાંય દેખાય છે તે ફૂલના લઈને નથી પણ સ્ફટિકની પર્યાયની યોગ્યતાને લઈને છે. લોખંડ એક છેડે ગરમ કરો તો બીજા છેડા સુધી ઉષ્ણ થઈ જાય અને દીવાસળી એક છેડે સળગે ને બીજે છેડે ઉષ્ણ થતી નથી-કેમકે પોતપોતાની યોગ્યતાથી તેમ થાય છે, અગ્નિના લઈને લોખંડ કે દિવાસળી ઉષ્ણ થતાં જ નથી. તેમ સ્ફટિકમાં દેખાતી ઝાંય તેની પર્યાયની યોગ્યતાથી છે અને તોપણ સ્ફટિક રંગાઈ ગયો નથી. તેમ આત્મામાં ક્રોધાદિ દેખાય તે તેની પર્યાયમાં છે, ભગવાન આત્માના તળમાં રાગાદિ છે જ નહીં. ક્રોધ-માન આદિ દેખાય છે તે પર્યાયમાં દેખાય છે, વસ્તુમાં તેઓ નથી. વસ્તુ તો અતીન્દ્રિય સર્વાંગ જ્ઞાનથી ભરેલી, અતીન્દ્રિય આનંદથી ભરપૂર પ્રભુ છે. તેની પર્યાયમાં ક્રોધાદિ દેખાય છે તે કર્મથી થતા નથી પણ પર્યાયની પોતાની યોગ્યતાથી થયા છે અને તે પણ વસ્તુમાં તો છે જ નહીં.

આહાહા! કર્મ જુદા, વિકારી પર્યાય દેખાય તે જુદી અને સ્ફટિક જેવી નિર્મળ આત્મવસ્તુ જુદી! પર્યાયમાં ક્રોધ-માન આદિ દેખાય છે તોપણ વાસ્તવમાં આત્મદ્રવ્ય તેનાથી ભિન્ન છે. દ્રવ્ય કદી રાગરૂપે થતું નથી. દ્રવ્ય કદી સંસારના કોઈ ભાવરૂપે થતું નથી. ક્રોધ-માન આદિ દેખાય છે તેનાથી વસ્તુસ્વભાવ ભિન્ન છે.

ખરેખર તો જેને આત્મસ્વભાવની રુચિ નથી ને તે સિવાય સૂક્ષ્મ રાગના પ્રત્યે પણ રુચિ છે તેને સ્વરૂપ પ્રત્યે અરુચિ છે. પોતાના આત્મા પ્રત્યે તેને પ્રેમ નથી, અરુચિ છે.

અહીં કહે છે કે વસ્તુસ્વભાવમાં મલિનતા છે જ નહીં, સંસાર પર્યાયમાં છે. સંસાર બાહ્યમાં-સ્ત્રી-પુત્ર-પૈસામાં નથી તેમ સંસાર દ્રવ્યમાં નથી, સંસાર તો તેની પર્યાયમાં છે. અંતર સ્વરૂપ આનંદના નાથમાંથી ખસીને રાગાદિમાં આવી ગયો છે તે સંસાર છે અને તે સંસારનો નાશ કરવાનો છે, કાંઈ સ્ત્રી-પુત્ર-પૈસાનો ત્યાગ કરવો એ સંસાર છોડયો છે એમ નથી. સ્વરૂપમાં જઈને સ્વરૂપમાં એકાગ્રતા કરે તો મલિનતા -સંસાર છૂટી જાય છે, એ સિવાય કોઈ ઉપાય નથી.

દૃષ્ટાંત આપે છે કે જેમ પરમાણુ છે તે પલટીને વર્ણ-ગંધ-રસ-સ્પર્શ વિનાનો થતો નથી; કેમ કે એ પરમાણુનો સ્વભાવ છે. જો પરમાણુમાં સ્પર્શાદિનો અભાવ થઈ જાય

---

**વચનામૃત તો બાર અંગનો સાર છે.**

**-પૂ. ગુરુદેવ**

**સમવસરણ-જિનવરતણો, દીધો દૃષ્ટ ચિતાર.**
**ઉરમાં અમૃત સીંચીને, કર્યો પરમ ઉપકાર.**

તો દ્રવ્યનો–પરમાણુનો નાશ થઈ જાય. તેમ ભગવાન આત્મા અનંત જ્ઞાન–દર્શન આદિથી ભરેલો છે તે પલટીને કદી વિકારરૂપે ન થાય. જેમ પરમાણુ વર્ણાદિરૂપે અનાદિ–અનંત છે, તેના વિનાનો કદી હોતો નથી, તેમ ભગવાન આત્મા જ્ઞાન–દર્શનરૂપે અનાદિ–અનંત છે, તેનાથી રહિત કદી થતો નથી એટલે કે ભગવાન આત્મા પલટીને રાગાદિરૂપે કદી થતો નથી. પર્યાયમાં રાગાદિ છે ખરા પણ એ વર્ણાદિ પર્યાયની યોગ્યતાથી છે, પરંતુ પ્રભુ છે તે તો વિકાર રહિત છે. જેમ પરમાણુ પલટીને વર્ણાદિ રહિત થતો નથી તેમ ભગવાન આત્મા પલટીને રાગાદિરૂપે કદી થતો નથી.

આહાહા ! જેમ પરમાણુ પલટીને વર્ણાદિ રહિત થતો નથી તેમ ભગવાન આત્મા પલટીને વસ્તુસ્વભાવ બદલતો નથી. વસ્તુ રાગાદિરૂપે થતી નથી. એવી વસ્તુની શ્રદ્ધા ને દૃષ્ટિ કરવાની વાત છે. ચૈતન્ય ઝળહળ જ્યોતિ પલટીને શું રાગ થઈ જાય ? શું જડ થઈ જાય ? –એમ કહીને પરથી એકત્વ તોડાવ્યું છે. ભગવાન આત્મા ત્રિકાળી છે, અનાદિ અનંત છે ને વિકાર એક સમયની ક્ષણિક પર્યાય છે. તેથી જેમ પરમાણું પલટીને વર્ણાદિ રહિત થતો નથી તેમ ભગવાન આત્મા નિગોદમાં ચાલ્યો જાય તોપણ વસ્તુસ્વભાવ બદલતો નથી, રાગાદિરૂપ થતો નથી.

આ તો પરથી એકત્વ તોડવાની વાત છે. સ્વભાવ ને વિકાર તદ્દન ભિન્ન છે. રાગ કરતાં કરતાં અંદર જવાશે એમ છે જ નહીં, કેમ કે દુઃખ વેદતાં વેદતાં આનંદમાં જવાશે તેના જેવી એ વાત છે. પ્રભુ ! તારામાં આનંદ ભર્યો છે ને નાથ ! તારામાં પર્યાયમાં જે રાગ દેખાય છે તે તો ક્ષણિક છે. તારા સ્વભાવમાં દૃષ્ટિ પડે ત્યાં એ રાગનો નાશ થઈ જશે એવી મહાચીજ તું છો. માટે અંદરમાં વાસ્તવિક પ્રવેશ કર.

જેમ પરમાણુ પલટીને વર્ણાદિ રહિત ન થાય, તેમ અનંત ચતુષ્ટયથી ભરપૂર આત્મા બદલીને તેનાથી રહિત ત્રણ કાળમાં થતો નથી, એમાં વાસ્તવિક પ્રવેશ કર પ્રભુ ! ભલે પર્યાયમાં અનાદિથી વિકાર દેખાય પણ તેની મુદ્દત તો એક સમયની છે ને તારી મુદ્દત ત્રણ કાળની છે માટે તારો મહિમા લાવીને તેમાં પ્રવેશ કર. કષાય તો ઉપર ઉપર છે અંદર તો અનંત અનંત શક્તિનું દળ પડયું છે, માલ ભર્યો છે, તેમાં પ્રવેશ કર, એ ચીજની દૃષ્ટિ કર.

ગમે તેવા નિગોદ આદિના ભવ કર્યાં છતાં દ્રવ્ય તો પરિપૂર્ણ પરમાત્મસ્વરૂપ જ છે, તેમાં વાસ્તવિક પ્રવેશ કર. તો પરથી પૃથકતા થાય. * * *

**આ બેનના વચનો છે એ અનંત જ્ઞાનીના વચનો છે.**

**-પૂ. ગુરુદેવ**

**જ્ઞાનાનંદસ્વભાવમાં, બાળવયે કરી જોર;**
**પૂર્વારાધિત જ્ઞાનનો, સાંધ્યો મંગલ દોર.**

# જ્ઞાયક તત્ત્વને પરમાર્થે કોઈ પર્યાયવેષ નથી

**આત્માએ તો ત્રિકાળ એક જ્ઞાયકપણાનો જ વેષ પરમાર્થે ધારણ કરેલો છે. જ્ઞાયક તત્ત્વને પરમાર્થે કોઈ પર્યાયવેષ નથી, કોઈ પર્યાય-અપેક્ષા નથી. આત્મા 'મુનિ છે' કે 'કેવળજ્ઞાની છે' કે 'સિદ્ધ છે' એવી એક પણ પર્યાય-અપેક્ષા ખરેખર જ્ઞાયક પદાર્થને નથી. જ્ઞાયક તો જ્ઞાયક જ છે. ૧૦૫.**

[ 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી, તા. ૧૫-૮-૮૦ ]

આત્માએ પરમાર્થે એક ત્રિકાળ જ્ઞાયકપણાનો વેષ ધારણ કરેલો છે. મોક્ષ તો પર્યાયવેષ છે તે કાયમ રહેતો નથી તેથી આત્માનો વેષ નથી. આત્માને તો ત્રિકાળ એક જ્ઞાયકપણાનો વેષ છે. ભગવાન આત્મા જ્ઞાયકવેષમાં કાયમ રહે છે. મોક્ષનો વેષ આદિ–અનંત છે ને સંવર–નિર્જરાનો વેષ સાદિ–શાંત છે અને જ્ઞાયકનો વેષ તો અનાદિ–અનંત છે. એ જ્ઞાયકવેષ આત્માએ ધારણ કરેલો છે.

આત્માએ તો ત્રિકાળ એક જ્ઞાયકપણાનો જ વેષ પરમાર્થે ધારણ કરેલો છે. આ તો બેનને આનંદમાથી આવેલી વાત છે. ચૈતન્યધ્રુવહીરાને પરમાર્થે કોઈ પર્યાયવેષ નથી. પુણ્ય–પાપ કે આસ્રવ–બંધ તો નહીં પણ સંવર–નિર્જરા ને મોક્ષનો પર્યાયવેષ પણ જેને નથી એવો ત્રિકાળ એક જ્ઞાયકવેષ આત્માને છે. તેને કોઈ પર્યાય–અપેક્ષા નથી. મોક્ષની પણ દ્રવ્યને અપેક્ષા નથી. કેમ કે એ પર્યાય સાદિ–અનંત છે ને દ્રવ્ય તો અનાદિ–અનંત છે.

બેન તો આત્માના આનંદમાં રહે છે, બહારની કાંઈ તેમને પડી નથી. આ શ્રાવણ વદ બીજના દિવસે તેમને હીરાથી વધાવશે પણ એ તો મડદાની જેમ ઊભા રહેશે.

**ઇન્દ્રોની સમક્ષમાં અત્યારે સીમંધરદેવ જે ફરમાવે છે તે આ વાણી છે.** **-પૂ. ગુરુદેવ**

**दिनदिन वृद्धिमती निज परिणति वचनातीत सुमंगल है,**
**मंगलमूरति-मंगलपदमें मंगल-अर्थ सुवंदन है।**

એમને તો એકલો આત્મા, આત્મા ને આત્મા. એ બેન રાત્રે દીકરીઓ વચ્ચે બોલ્યા હતા તે આ વાત છે. કહે છે કે આત્માને ત્રિકાળ જ્ઞાયકવેષ સિવાય 'મુનિ છે' કે 'કેવળજ્ઞાની છે' કે 'સિદ્ધ છે' એવા પર્યાયનો વેષ લાગુ પડયો નથી, કેમ કે દ્રવ્યને પર્યાયની અપેક્ષા નથી. એ તો પરમાત્મસ્વરૂપ અખંડ આનંદ સચ્ચિદાનંદ એકરૂપ જ્ઞાયક છે, એ જ્ઞાયકની દ્રષ્ટિ કરવી ને આનંદ આવવો તેનું નામ સમ્યગ્દર્શન છે.

ભાઈ! મનુષ્યભવ મળ્યો છે તો આ કરી લે! બીજું બધું મૂકી દે! ચિંતા મૂકી દે ને આ કરી લે. દુનિયા વખાણ કરશે એ કાંઈ હારે નહીં આવે, માટે બહારનું બધું મૂકીને એક આ કરી લે. અમે તો સીમંધર ભગવાન પાસે હતા, કાયમ સમોવસરણમાં જતા હતા. અહીં તો ત્રિલોકનાથના વિરહ પડયા પણ એમની વાણીના વિરહ નથી. એમની વાણીની હાજરી રહી ગઈ.

અહીં કહે છે કે ભગવાન આત્માને પર્યાયની અપેક્ષા નથી. મુનિ છે, કેવળજ્ઞાની છે કે સિદ્ધ છે એવી એક પણ પર્યાયની અપેક્ષા નથી. એવો ત્રિકાળ એક જ્ઞાયકવેષ એ તારું રહેઠાણ છે, તારો સ્વદેશ છે. ૪૦૧ બોલમાં કહ્યું છે કે ધર્મીનું પરિણમન વિભાવથી, શાસ્ત્ર–શ્રવણ તરફથી પાછું વળીને સ્વભાવ તરફ ઢળી રહ્યું છે. સ્વરૂપમાં ઠરી જવા તલસે છે. આ વિભાવભાવ અમારો દેશ નથી. બેન કહે છે કે આ વિભાવભાવ અમારો દેશ નથી, આ પરદેશમાં અમે ક્યાં આવી ચડયા? સમકિતીને રાગ આવે પણ એ રાગ પરદેશ લાગે છે. જ્યાં અમારે ત્રિકાળ રહેવું છે તે આ અમારો દેશ નથી. અમને વિકલ્પમાં ગોઠતું નથી. અહીં અમારું કોઈ નથી. જ્યાં જ્ઞાન, આનંદ, વીર્યાદિ અનંતગુણરૂપ અમારો પરિવાર વસે છે તે અમારો સ્વદેશ છે. ત્રિકાળી જ્ઞાયક ભગવંત એ અમારો સ્વદેશ છે. અમે ત્વરાથી અમારા મૂળ વતનમાં–અસંખ્ય પ્રદેશી જ્ઞાયક એ મૂળ વતન બાકી બધું પરદેશ, એ મૂળ વતનમાં ત્વરાથી જઈને અલ્પકાળમાં નિરાંતે વસવું છે કે જ્યાં બધા અમારા છે. જ્ઞાયક ત્રિકાળભાવ એ અમારો સ્વદેશ છે. જ્ઞાન, આનંદ, શાંતિ આદિ અનંતા રત્નો ભર્યા છે એ અમારું મૂળ વતન છે, ત્યાં ત્વરાથી જઈને નીરાંતે વસવું છે. એ મૂળ વતનનો એટલે કે ત્રિકાળીજ્ઞાયકને કોઈ પર્યાયવેષની અપેક્ષ નથી. એ જ્ઞાયક તો જ્ઞાયક જ છે.

---

**બેનની વાણી તો અનુભવના આનંદમાંથી નીકળી છે.**

**–પૂ. ગુરુદેવ**

आशिष मंगल याचत बालक, मंगल अनुग्रहद्रष्टि रहे,
तव गुणको आदर्श बनाकर हम सब मंगलमाल लहे।

**સમાચાર :-** તા. ૧૮–૮–૮૦


* પૂજ્ય ગુરુદેવશ્રી સોનગઢમાં સુખશાતામાં બિરાજી રહ્યા છે. સવારે 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર તથા બપોરે શ્રી નિયમસાર શુદ્ધભાવ–અધિકાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના અધ્યાત્મરસયુક્ત સૂક્ષ્મ પ્રવચનો હિન્દીમાં ચાલી રહ્યા છે.

* શિક્ષણ–શિબિર પ્રસંગે દેશભરના અનેક પ્રાંતોના મુખ્ય શહેરો તેમ જ અનેક ગામોની પ્રમુખ–પ્રમુખ વ્યક્તિઓ ઉપરાંત સેંકડો મુમુક્ષુ ભાઈઓ પૂજ્ય ગુરુદેવશ્રીના આધ્યાત્મિક પ્રવચનોનો લાભ લેવા, શિક્ષણ–શિબિરનો લાભ લેવા તેમ જ પૂજ્ય બહેનશ્રીની પાવનકારી ૬૭ મી જન્મજયંતી ઉજવવા સોનગઢ આવ્યા છે અને રોજ–રોજ ૫૦–૧૦૦ મહેમાનો આવી રહ્યા છે. શરૂઆતના દિવસોમાં જ શિક્ષણાર્થી મહેમાન ભાઈઓની સંખ્યા અગિયારસોથી પણ અધિક થઈ છે, અને પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોનો લાભ લેવા આવનાર મહેમાન–બહેનોની સંખ્યા સાતસોથી અધિક થઈ છે. પૂજ્ય ગુરુદેવશ્રીના સાતિશય પ્રભાવનાના યોગે ઉત્તરોત્તર શિક્ષણ–શિબિરમાં લાભ લેનાર ભાઈઓની સંખ્યા વધતી જ જાય છે. વિસ્તૃત જાણકારી આવતા અંકે આપવામાં આવશે.

* 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર ગંભીર રહસ્યોદ્‌ઘાટક પ્રવચનો આપતી વખતે પૂજ્ય બહેનશ્રી વિશે તથા પુસ્તક વિશે પૂજ્ય ગુરુદેવશ્રીએ ઉચ્ચારેલાં ઉદ્‌ગારો આ અંકના દરેક પાનામાં નીચેના ભાગમાં છાપવામાં આવ્યા છે.

* ધર્મરત્ન ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૬૭ મી જન્મજયંતીનો આ અંક હોવાથી, 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપરના પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો જ આપ્યા હોવાથી, જ્ઞાનગોષ્ઠી આવતાં અંકે આપવામાં આવશે.

બેન ભગવતીમૂર્તિ છે, ધર્મરત્ન છે.
લોકોને ખ્યાલ આવે એવું નથી. -પૂ. ગુરુદેવ




(૧) શુદ્ધનિશ્ચયનયથી શક્તિરૂપે સર્વે જીવો શુદ્ધ-બુદ્ધ-એકસ્વભાવી હોવાથી ઉપાદેય છે અને વ્યક્તિરૂપે પંચ પરમેષ્ઠી જ ઉપાદેય છે. તેમાં પણ (પંચ પરમેષ્ઠીમાં પણ) અર્હંત અને સિદ્ધ-એ બે જ ઉપાદેય છે. એ બેમાં પણ નિશ્ચયથી સિદ્ધ જ ઉપાદેય છે અને પરમ નિશ્ચયનયથી તો ભોગાકાંક્ષાદિરૂપ સમસ્ત વિકલ્પ જાળ રહિત પરમ સમાધિ કાળે સિદ્ધ સમાન સ્વ-શુદ્ધાત્મા જ ઉપાદેય છે, અન્ય સર્વ દ્રવ્યો હેય છે.

(શ્રી નેમિચંદ્રસિદ્ધાંતદેવ, બૃહદ્ દ્રવ્યસંગ્રહ, ગાથા-૨૭-ટીકામાંથી)

(૨) કરોડો પરિશ્રમો દ્વારા કમાયેલું જે ધન, પુત્રો અને પોતાના જીવનથી પણ લોકોને અધિક પ્રિય હોય છે, નિશ્ચયથી તે ધન માટે દાન સિવાયની બીજી બધી વિપત્તિઓ જ છે-એમ સાધુપુરુષો કહે છે.

[ શ્રી પદ્મનંદિપંચવિંશતિ, દાન-ઉપદેશ, શ્લોક-૪૨ ]

(૩) હે જીવ! આમ છે અને તેમ છે એમ ઘણું કહેવાથી શું સિદ્ધિ છે? આ સંસારમાં પરિભ્રમણ કરતાં તેં આવા શરીર તો અનંતવાર મેળવ્યા અને છોડયાં-ટૂંકામાં એટલું જ કહેવાનું કે-જીવને શરીર (શરીર પ્રત્યેની મમત્ત્વબુદ્ધિ) એ જ સર્વ આપત્તિનું સ્થાન છે.

[ શ્રી ગુણભદ્રાચાર્ય, આત્માનુશાસન, શ્લોક-૯૮ ]

(૪) હે જીવ! સંસારીક પદાર્થોની આશા સંસારરૂપી ખાડામાં ફસાવવાવાળી છે, જ્યારે આશાનો ત્યાગ મોક્ષને આપવાવાળો છે. આ બે વાતનો યથાર્થ રીતે વિચાર કર અને જેમાં તને પોતાનું હીત ભાસે તેનું આચરણ કર.


(શ્રી શુભચંદ્ર આચાર્ય, જ્ઞાનાર્ણવ)

(૫) જે આત્મા કર્મોના બંધનથી સહિત હોવા છતાં કર્મ બંધનથી રહિત છે. રાગ દ્વેષથી મલિન હોવા છતાં નિર્મળ છે અને દેહધારી હોવા છતાં દેહથી રહિત છે તેથી આચાર્ય કહે છે કે આત્માનું સ્વરૂપ આશ્ચર્યકારી છે.

[ શ્રી પદ્મનંદિ આચાર્ય, સદ્‌બોધચંદ્રોદય-અધિકાર, શ્લોક-૧૩ ]

---

ટાઈટલઃ અશોક આર્ટ પ્રિન્ટરી, અમદાવાદ. ફોન નં. ૩૬૪૩૪૦



૯૧ મી જન્મજયંતી મહોત્સવ પ્રસંગે
મલાડમાં પ્રવચન આપી રહેલા
પૂજ્ય ગુરુદેવ

સંપાદક : નાગરદાસ બી. મોદી
તંત્રી : ડૉ. ચંદુભાઈ ટી. કામદાર પ્રત : ૩૨૫૦
પ્રકાશક : **શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ** PIN : 364 250
મુદ્રક : **મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય, સોનગઢ** [ વાર્ષિક લવાજમ રૂા. ૯=૦૦ ]